
Wednesday, 25 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



संस्कृति ईरादापूर्वक शांति पर बनावવામાં આવી છે. જો તેઓને મરવું જ પડશે, તો તેઓ તેમના પાપો માટે મૃત્યુ પામશે. જે કામ પ્રેમ અને શાંતિથી થાય છે તે દુશ્મનીથી નથી થતું.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૩૦ ● સંવત-૨૦૮૩ કારતક વદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

ફ્રિજમાં દૂધ જ શોભે, બીજી કોઈ વસ્તુ નહીંઃ સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની નશામુક્તિ માટેની લાક્ષણિક ટકોર







હિંમતનગરના કરણપુરમાં આયોજીત અર્બુદા સંસ્કાર ધામના ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સંઘપ્રદેશના પ્રશાસકશ્રીએ માં ઉમિયા, માં ખોડિયાર અને માં અર્બુદા ત્રણેય સગી બહેનો હોવાનું જણાવી સમસ્ત પાટીદાર સમાજની એકતા ઉપર મુકેલો ભાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે કરણપુરમાં રૂા.૩૫ કરોડના ખર્ચે ૪.૫ એકર જમીન ઉપર નિર્માણ પામનાર અર્બુદા સંસ્કાર ધામ ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન ધાર્મિક પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશેષ ઉપસ્થિતિ નોંધાવી માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં આંજણા ચૌધરી સમાજના લોકો અર્બુદા ધામ ખાતે ઉમટી પડ્યા હતા. જેના કારણે સમગ્ર પરિસરમાં ભક્તિ, આસ્થા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રફુલભાઈ પટેલે સમાજમાં એકતા અને નશામુક્તિનો સંદેશ આપ્યો

આ પ્રસંગે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કાર્યક્રમને સંબોધતા માં ઉમિયા, માં ખોડિયાર અને માં અર્બુદાને ત્રણ સગી બહેનો સમાન ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેવીઓ એક છે, ત્યારે સમાજમાં પણ એકતા હોવી અત્યંત જરૂરી છે અને તેમણે માર્મિક રીતે જણાવ્યું હતું કે, ચૌધરી સમાજ પણ પાટીદાર સમાજનો જ ભાગ છે. તેમણે તમામ વાડાઓ તોડી પાટીદાર સમાજની એકતા ઉપર ભાર મુક્યો હતો. તેમણે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની નાની ઉંમરમાં મેળવેલી સફળતાનો ઉલ્લેખ કરીને તેમની પ્રશંસા કરી હતી. સાથે જ બનાસ ડેરીના વિકાસની વાત કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં ડેરીનું દૂધ ઉત્પાદન ૨૨ લાખ લિટરથી વધીને એક કરોડ લિટર સુધી પહોંચ્યું છે. આ ઉપરાંત ગોબર(છાણ)માંથી ગેસનું ઉત્પાદન કરીને આવકનો નવો માર્ગ પણ ઊભો કરવામાં આવ્યો છે.

ફ્રિજમાં દૂધ જ શોભે, બીજી કોઈ વસ્તુ નહીં

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પોતાના સંબોધનમાં યુવાનોને નશામુક્તિનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે આપણા ઘરના ફ્રિજમાં દૂધ જ શોભે, દૂધ સિવાયની બીજી કોઈ વસ્તુ ન શોભે. આ નિવેદન દ્વારા તેમણે વ્યસનોથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા સમાજને ટકોર કરી હતી. તેમણે ખાસ કરીને યુવા પેઢીને નશાથી દૂર રહેવા અને સમાજમાં નશામુક્તિની ભાવનાને મજબૂત બનાવવા આહ્વાન કર્યું હતું.

શંકરભાઈ ચૌધરીએ શિક્ષણ અને નશામુક્તિ પર ભાર મૂક્યો

વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનની શરૂઆત શ્રી પ્રફુલભાઈ પટેલ સાથેના આત્મીય સંબંધનો ઉલ્લેખ કરીને કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, શ્રી પ્રફુલભાઈ પટેલના તેમણે ખૂબ રોટલા ખાધા છે. આજે તમામ ક્ષેત્રનું નેતૃત્વ એક જ મંચ પર એકત્ર થયું છે. સમાજે ધર્મ, આધ્યાત્મ, શિક્ષણ અને સંસ્કૃતિને સાથે રાખીને આગળ વધવાની દિશામાં કામ કર્યું છે. શ્રી શંકરભાઈ ચૌધરીએ શિક્ષણને સમાજની પ્રગતિનું સૌથી મહત્ત્વપૂર્ણ માધ્યમ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણને વધુમાં વધુ પ્રાધાન્ય આપવું જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સમાજને ખૂબ સહયોગ આપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.



દારૂના વ્યસન સામે શંકરભાઈ ચૌધરીની ટકોર

શ્રી શંકરભાઈ ચૌધરીએ નશામુક્તિના મુદ્દે સ્પષ્ટ સંદેશ આપતાં જણાવ્યું હતું કે, દારૂ પીનાર વ્યક્તિને ચૌધરી કહેવામાં પણ શરમ આવે છે. તેમણે ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે નશામુક્તિનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. સમાજના દરેક પરિવારે આ દિશામાં જવાબદારી નિભાવવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. બનાસ ડેરીના વિકાસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, અગાઉ પશુપાલકોને મહિને આશરે ૨૫૦ કરોડ રૂપિયાનું પેમેન્ટ થતું હતું, જે હવે વધીને ૧,૪૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. પશુપાલકોને આજે મહત્ત્વ અને સન્માન મળ્યું છે. આ સાથે સમાજના સહયોગ માટે તેમણે પાંચ લાખ રૂપિયાની જાહેરાત પણ કરી હતી.

શ્રી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ અને આસ્થાને સમાજની શક્તિ ગણાવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના સંબોધનમાં શિક્ષણ અને માતાજીની આસ્થાને સમાજની બે મોટી શક્તિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આસ્થા કેન્દ્રો સમાજ માટે પાવર હાઉસ સમાન છે. દેવદિવાળીના પવિત્ર દિવસે માતાજીનાં દર્શન કરવાનો આનંદ વ્યક્ત કરતાં તેમણે સમાજની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. મુખ્યમંત્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના સંકલ્પનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિકાસની રાજનીતિ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે અને આજના સમયમાં આત્મનિર્ભર બનવું ખૂબ જરૂરી છે.

સમાજના વિકાસમાં દાતાઓની સાથે સામાજિક યોગદાન પણ જરૂરી

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચૌધરી સમાજની આગવી ઓળખનો ઉલ્લેખ કરીને તમામ દાતાઓનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજના વિકાસ માટે માત્ર પૈસા આપનારા દાતાઓ જ નહીં, પરંતુ સમાજ માટે નિઃસ્વાર્થ કામ કરનારા લોકો પણ જરૂરી છે. સામાજિક યોગદાન સમાજની પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે સમાજ પોતાનો ઇતિહાસ જાણે છે, તે જ સમાજ આગળ વધી શકે છે. સમાજના ઇતિહાસ અને સંસ્કૃતિને સાચવવામાં લેખકો અને આગેવાનોનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. આ માટે તેમણે લેખકો અને સમાજના આગેવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ ભાજપ પ્રભારી વર્ષાબેન દોશીની ઉપસ્થિતિમાં

દમણમાં ભાજપ દ્વારા 'લોકતંત્ર બચાવવા અને અરાજકતા હટાવવા' પદયાત્રા યોજાઈ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મત ચોરી અંગે હોબાળો મચાવી રહ્યા છે, કારણ કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દ્વારા નકલી મતદારો અને ગેરકાયદેસર ઘૂસણખોરોને ઓળખવાની પ્રક્રિયાએ તેમના તુષ્ટિકરણના રાજકીય પાયાને હચમચાવી નાખ્યો છેઃ વર્ષાબેન દોશી





કોંગ્રેસનું રાજકારણ પરિવાર બચાવવાનું છે, જ્યારે ભાજપનું રાજકારણ દેશ બનાવવાનું છેઃ પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૪

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે દમણ શહેરમાં પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાના નેતૃત્વ હેઠળ 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો' પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાની દમણના મશાલ ચોકથી શરૂ થયેલી આ પદયાત્રા તીન બત્તી અને નાઈટ માર્કેટમાંથી પસાર થઈને નાની દમણ બસ સ્ટેન્ડ પર સમાપ્ત કરવામાં આવી હતી. આ પદયાત્રામાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ ભાજપ પ્રભારી શ્રીમતી વર્ષાબેન દોશીની ખાસ હાજરી રહી હતી.

આ પદયાત્રામાં પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલ અને શ્રી સુનિલ પાટીલ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ-દીવના ભૂતપૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલ, દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, સેલવાસ નગરપાલિકા પ્રમુખ શ્રી સોમનાથ પાટીલ, દાદરા નગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિશાબેન ભવર, ઓબીસી મોરચાના રાષ્ટ્રીય પરિષદ સભ્ય શ્રી વિશાલ ટંડેલ,

- (વધુ પાના નં.૨ પર)

સેલવાસ ખાતે ગાયત્રી મંદિરમાં તુલસી વિવાહ પ્રસંગ ઉજવાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

સેલવાસના ગાયત્રી મંદિરમાં કારતક સુદ પૂનમના રોજ 'દેવ દિવાળી'ના પાવન અવસર નિમિત્તે 'તુલસી વિવાહ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી હેમંતભાઈ પટેલના ઘરેથી ઠાકોરજીનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો જે ગાયત્રી મંદિર પર પહોંચ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જાનૈયાઓ જોડાયા હતા. ત્યારબાદ ભૂદેવોની ઉપસ્થિતિમાં વિધિવિધાન સાથે તુલસી માતા અને ભગવાન શાલિગ્રામના લગ્ન પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે ભાવિક ભક્તોએ ભગવાનના દર્શન પૂજન અને આરતીનો લાભ લીધો હતો.

આ અવસરે શ્રી અજયભાઈ દેસાઈ, સેલવાસ નગરપાલિકા પૂર્વ પ્રમુખ અને હાલના કાઉન્સિલર શ્રીમતી રજનીબેન શેટ્ટી, શ્રી પ્રતિકભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાવિકભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



સુવિચાર - સદ્‌વિચાર

જીવન ટૂંકું છે, દુખમાં સમય બગાડશો નહીં,
સ્મિત રાખો અને જીવંત રહો.

કવિતા

શિશિરની રાત

આ શિશિરની રાત,
રકત પણ થીજી ગયું (ના હોય પક્ષાઘાત!)
થરથર થતા પ્રત્યંગમાં કળતર કશી!
ને આગની ઠંડી અરે બળતર કશી!
દેહ પર ઉપસી નસોની ને રૂંવાની ભાત,
ના જીરવાયે આ શિશિરની રાત.
ટક્ ટક્ થતી
(કુંભારજાની કો સતત લવરી સમી)
ઘડિયાળ જાણે હાંફતી
થાકી જતી ડગ એક કેમે માંડતી!
ને ગોદડીમાં ટૂંટિયું વાળી વીંટેલા દેહને
(હૂંફમાં પડખે પડ્યું છે શબ વીતેલા રંગભર આયુષ્યનું)
ના નિંદ કે ના જાગૃતિ,
ના સ્વપ્નની કો ઝંકૃતિ.
એની પ્રલયચકકી મહીં-
જેહનો ઘર્ઘર ધ્વનિ સંભળાય છે સુસવાટમાં-
અહ, ઓરતી આ ગાત!
આ શિશિરની રાત.

- ફકીરમહંમદ મનસુરી

આજની જોક

'તું નકામી લમણાઝીંક કરે છે. આ કૂતરાને તું ક્યારેય કશું શીખવી શકવાની નથી!' પતિ એ કહ્યું.
'તમે વચ્ચે ન બોલો.' પત્ની બોલી અને ઊમેર્યું : 'એમાં ધીરજની જરૂર છે. મારે તમારી સાથે કેટલો સમય બગાડવો પડ્યો હતો.'

કબીર વાણી



ધરતીકા કાગજ કરૂં, કલમ કરૂં વનરાય;
સાત સમુદ્રકી સાહિ કરૂં, હરિગુણ લિખા ન જાય.

- અર્થાત-

આખી પૃથ્વિનાં જેટલું મોટું કાગજ બનાવું, સઘળાં જંગલોનાં લાકડાંની કલમ બનાવું, અને સાતે દરિયાનાં પાણીને સાહી કરી નાખું, તોબી હરિ (ઈશ્વર)ના ગુણો લખી શકાય નહીં. અર્થાત કે,-જે અપૂર્ણ છે તેની મદદથી, પરમાત્મા જે પૂર્ણ છે, તેનું બ્યાન થઈ શકેજ કેમ?

ચાણક્ય ઉવાચ



યથા ચિંતયતે મન્ત્રં તથા ભવતિ નાન્યથા।


-અર્થાત-

માણસ જેવી ઈચ્છા રાખે છે અને જેવું વિચારે છે, તેનું પરિણામ પણ તેવું જ આવે છે; તેમાં કોઈ ફેરફાર થતો નથી.

આજનો દિન વિશેષ

સાધુ વાસવાણી

સાધુ થનવરદાસ લીલારામ વાસવાણી (૨૫ નવેમ્બર ૧૮૭૯ - ૧૬ જાન્યુઆરી ૧૯૬૬) એક ભારતીય શિક્ષણવિદ હતા જેમણે હૈદરાબાદ, મીરામાં મીરા અને સિંધ શાળાની સ્થાપના કરી હતી. અને બાદમાં ૧૯૪૯ પછી પુણે રહેવા ગયા. તેમના જીવન અને શિક્ષણને સમર્પિત એક સંગ્રહાલય, દર્શન મ્યુઝિયમ ૨૦૧૧માં પુણેમાં ખોલવામાં આવ્યું હતું.



સાધુ વાસવાનીનો જન્મ થનવર્ડદાસ લીલારામ વાસવાની (સિંધી પરિવાર) ના નામે હૈદરાબાદ સિંધમાં થયો હતો. જ્યારે તેઓ નાનપણમાં હતા, ત્યારે તેમણે હૈદરાબાદ-સિંધ ખાતે એકેડેમીમાં અભ્યાસ કર્યો હતો. નાનપણમાં, તેમણે સૌપ્રથમ બંગાળના એક બ્રાહ્મણ બ્રહ્મબંધવ ઉપાધ્યાય પાસેથી ઉપનિષદ નામના પવિત્ર ગ્રંથો વિશે શીખ્યા, જેમણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો, પરંતુ ૧૯૦૭ માં તેમણે હિન્દુ ધર્મમાં પાછા ફરવા માટે એક જાહેર સમારંભ દ્વારા પ્રાર્થનાચિત્ત (હિન્દુ રિવાજમાં વળતરની અભિવ્યક્તિ) કરાવી, પરંતુ બે મહિના પછી તેમનું અવસાન થયું. તેમના જીવનકાળમાં પાછળથી, સાધુ વાસવાનીને ઉપનિષદોના એક કુશળ સમર્થક અને બાઈબલ અને કુરાનના કુશળ દુભાષિયા તરીકે ઓળખવામાં આવી.

પુરસ્કારો અને માન્યતા

ભારત સરકારે તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

દર્શન મ્યુઝિયમ પુણે એક જીવનચરિત્રાત્મક સંગ્રહાલય છે જે તેમના જીવન પર આધારિત છે.

રેસીપી : મિક્સ દાળ ના ભજીયા

જરૂરી સામગ્રી : ૪ લોકો માટે ૧ બાઉલ, મિક્સ દાળ, ગ્રીન મગની દાળ, પીળી મગની દાળ, અડદની દાળ, ચણાની દાળ. જરૂર મુજબ પાણી, ૧ ચમચી આદુ મરચાં લસણની પેસ્ટ, પા ચમચી મરી પાવડર, પા ચમચી હિંગ, સ્વાદ મુજબ મીઠું, તળવા માટે તેલ જરૂર મુજબ, સર્વ કરવા માટે ટોમેટો કેચપ, ગ્રીન ચટણી.



બનાવવાની રીત : અડધો કલાક (૧) સૌપ્રથમ એક બાઉલમાં દાળ લઈ બે થી ત્રણ વખત જરૂર મુજબ પાણી નાખી ત્રણથી ચાર કલાક માટે પલાળી રાખો. (૨) ત્યારબાદ મિક્સર જારમાં લઈ તેને સ્મૂથ પીસી એક બાઉલમાં લઈ તેમાં મીઠું હિંગ મરી પાવડર આદુ મરચા લસણની પેસ્ટ નાખી બરાબર મિક્સ કરી લો. (૩) ત્યારબાદ કડાઈમાં તેલ ગરમ કરી ચમચીની મદદથી ભજીયા પાડી બંને બાજુથી ગોલ્ડન અને ક્રિસ્પી થાય ત્યાં સુધી તળી લો. (૪) તો હવે આપણા ટેસ્ટી હેલ્થી ગરમાગરમ મિક્સ દાળના ભજીયા બનીને તૈયાર છે સર્વિંગ પ્લેટમાં લઈને ટોમેટો કેચપ ગ્રીન ચટણી સાથે સર્વ કરો.

૨૦ જેટલા મહિલા-પુરુષ પશુપાલકો સાબરડેરી પહોંચ્યા

દાણના ભાવ વધ્યા, દૂધના ભાવમાં નજીવો વધારો

છેલ્લા ત્રણ વર્ષથી પશુદાણના વધતા ખર્ચ સામે દૂધના ખરીદ ભાવમાં યોગ્ય વધારો ન મળતા આર્થિક મુશ્કેલીની રજૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૪

સાબરડેરીના ચેરમેનની નિયુક્તિને લઈને સહકારી ક્ષેત્રમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે હવે પશુપાલકોના આર્થિક પ્રશ્નો પણ ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આશરે ૨૦ જેટલા પશુપાલકોનું પ્રતિનિધિમંડળ સાબરડેરી ખાતે પહોંચ્યું હતું. મહિલા અને પુરુષ પશુપાલકોએ સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટર (MD) સાથે મુલાકાત કરી દૂધના ખરીદ ભાવમાં વધારો કરવાની તેમજ સતત વધી રહેલા પશુદાણના ભાવ અંગે રજૂઆત કરી હતી.

બાયડ તાલુકામાંથી આવેલા પશુપાલકોના પ્રતિનિધિમંડળમાં મહિલાઓ પણ સામેલ હતી. પશુપાલકોએ સ્થ સમક્ષ પોતાના રોજિંદા ખર્ચ, દૂધ ઉત્પાદન સાથે જોડાયેલી મુશ્કેલીઓ અને પશુદાણના વધતા ભાવને કારણે પડી રહેલા આર્થિક બોજ અંગે રજૂઆત કરી હતી.

પશુપાલકોનું કહેવું છે કે પશુપાલનનો વ્યવસાય ચલાવવા માટે દાણ, ઘાસચારો અને અન્ય જરૂરી સામગ્રી પાછળનો ખર્ચ સતત વધી રહ્યો છે. તેની સામે દૂધના ખરીદ ભાવમાં તે પ્રમાણમાં વધારો ન થતાં નફાકારકતા પર અસર થઈ રહી છે.

પશુપાલકોએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પશુદાણના ભાવમાં સતત વધારો થયો છે, પરંતુ દૂધના ખરીદ ભાવમાં માત્ર નજીવો વધારો મળ્યો છે. પરિણામે પશુપાલકો માટે પશુઓને પોષણયુક્ત દાણ પૂરું પાડવાનો ખર્ચ વધતો જાય છે.

પશુપાલકોનું કહેવું છે કે દૂધ ઉત્પાદન જ તેમની આવકનો મુખ્ય આધાર છે. જો ઉત્પાદન ખર્ચ સતત વધતો રહે અને દૂધનો ખરીદ ભાવ તે પ્રમાણે ન વધે તો પશુપાલન વ્યવસાય આર્થિક રીતે મુશ્કેલ બની શકે છે. પશુપાલકોએ સાબરડેરીના સ્થ સમક્ષ દૂધના ખરીદ ભાવમાં યોગ્ય વધારો કરવાની માંગ કરી હતી. સાથે જ પશુદાણના વધતા ભાવને ધ્યાનમાં રાખીને પશુપાલકોને રાહત મળે તેવા પગલાં લેવા પણ રજૂઆત કરવામાં આવી. પશુપાલકોએ જણાવ્યું કે પશુપાલન સાથે સંકળાયેલા પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને સાબરડેરી દ્વારા તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી છે. હવે સાબરડેરી તરફથી પશુપાલકોની રજૂઆત અંગે શું નિર્ણય લેવામાં આવે છે



તેના પર સૌની નજર રહેશે. સાબરડેરીના ચેરમેનની નિયુક્તિ અંગે સહકારી ક્ષેત્રમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે બાયડના પશુપાલકોની આ રજૂઆત મહત્વપૂર્ણ બની છે. એક તરફ સંસ્થાકીય અને સહકારી મુદ્દાઓ ચર્ચામાં છે, ત્યારે બીજી તરફ દૂધ ઉત્પાદકો પોતાના ખર્ચ અને આવક વચ્ચેના વધતા તફાવત અંગે અવાજ ઉઠાવી રહ્યા છે.

સુરતમાં બ્લુ BRTS બસમાં વિકરાળ આગ

સહારા દરવાજા વિસ્તારમાં એન્જિનમાં શોર્ટ સર્કિટ બાદ બસમાં આગ ભભૂકી

ડ્રાઈવરની સમયસૂચકતા અને ઝડપી નિર્ણયને કારણે બસમાં સવાર મુસાફરોનો સુરક્ષિત બચાવ થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૪

સુરત શહેરના સહારા દરવાજા વિસ્તારમાં બ્લુ BRTS બસમાં અચાનક વિકરાળ આગ લાગતાં ભારે અફરાતફરી સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, બસના એન્જિનમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આગે થોડી જ વારમાં ગંભીર સ્વરૂપ ધારણ કરતાં સમગ્ર બસ બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે, ડ્રાઈવરની સમયસૂચકતા અને ઝડપી નિર્ણયને કારણે બસમાં સવાર મુસાફરોનો સુરક્ષિત બચાવ થયો હતો.

સહારા દરવાજા વિસ્તારમાં BRTS બસ પસાર થઈ રહી હતી ત્યારે એન્જિન તરફથી આગ લાગ્યાની જાણ થઈ હતી. આગ સાથે ધુમાડાના ગોટેગોટા નીકળતાં આસપાસના વિસ્તારમાં પણ થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. આગઝડપથી ફેલાતાં બસને ભારે



નુકસાન થયું હતું.

બસમાં આગ લાગી હોવાની જાણ થતાં જ ડ્રાઈવરે સમય ગુમાવ્યા વિના બસ રોકી મુસાફરોને તાત્કાલિક નીચે ઉતારવાની કામગીરી શરૂ કરી હતી. તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બસની બહાર કાઢી લેવામાં આવ્યા હતા. ડ્રાઈવરની સતર્કતાના કારણે આગની ગંભીરતા છતાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

BRTS બસોમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવતી રહેતા જાહેર પરિવહન વ્યવસ્થામાં મુસાફરોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ છે. બસોના એન્જિન, વાયરિંગ અને અન્ય ટેકનિકલ સિસ્ટમની નિયમિત તપાસ વધુ અસરકારક રીતે કરવામાં આવે તેવી જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે.

જાહેર પરિવહનમાં મોટી સંખ્યામાં લોકો મુસાફરી કરતા હોવાથી આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા માટે સંબંધિત તંત્ર દ્વારા ટેકનિકલ ખામીઓની તપાસ, સમયસર મેન્ટેનન્સ અને સુરક્ષા વ્યવસ્થાનું કડક પાલન જરૂરી બની ગયું છે.

દિવાળી બાદ ગાંધીનગરમાં ત્રણ મોરચે આંદોલન

વ્યાયામ શિક્ષકો, કર્મચારીઓ અને TAT ઉમેદવારો મેદાનમાં

કાયમી ભરતી, પગાર વિસંગતતા અને પરિણામના પુનઃમૂલ્યાંકનની માંગ સાથે સત્યાગ્રહ છાવણીમાં સરકાર સામે વિરોધ નોંધાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૪

દવાળીના તહેવારો પૂર્ણ થતાં જ રાજ્યનું પાટનગર ગાંધીનગર ફરી એકવાર આંદોલનોની આગમાં સપડાયું છે. સરકારના ખોટા વાયદા અને વચનોએ જ આંદોલનના વેગને હવા આપી હોય તેવો માહોલ સર્જાયો છે. વ્યાયામ શિક્ષકો, એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કર્મચારીઓ અને ટાટ ના ઉમેદવારો મોટી સંખ્યામાં ઉમટી પડતા આંદોલનો છાવણી ઉભરાઈ ગઈ હતી. એકસાથે ત્રણ મોટા આંદોલનો વેગવાન બનતા રાજ્ય સરકારની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે. એક તરફ ગુજરાતમાં ઓલમ્પિક યોજવાની તૈયારીઓ થઈ રહી છે, ત્યારે બીજી તરફ રાજ્યની શાળાઓમાં જ વ્યાયામ શિક્ષકોની ભારે અછત પ્રવર્તી રહી છે. રાજ્યમાં ૫૭૦૦ જગ્યાઓ સામે માત્ર ૧૭૦૦ વ્યાયામ શિક્ષકો જ ફરજ બજાવી રહ્યા છે અને તે પણ કરાર આધારિત! ૧૯ મહિના પહેલા સરકારે કાયમી ભરતીનું લોલીપોપ આપ્યું હતું, પરંતુ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આખરે રોષે ભરાયેલા વ્યાયામ શિક્ષકોએ સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરીને સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કરાર આધારિત કર્મચારીઓએ પણ હવે સરકાર સામે બાંયો ચઢાવી છે. પગાર વિસંગતતા, ઈન્ક્રીમેન્ટ અને અન્ય પડતર માંગણીઓને લઈને આ કર્મચારીઓ 'માસ સીએલ' (સામૂહિક રજા) પર ઉતરી ગયા છે, જેના કારણે રાજ્યની આરોગ્ય સેવાઓ પર સીધી અસર પડી રહી છે. કર્મચારીઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ નહીં સંતોષાય, તો આગામી 'વિશ્વ એઈડ્સ દિવસ'ના સરકારી કાર્યક્રમનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે. શિક્ષણ વિભાગના અણઘડ વહીવટ સામે ટાટના ઉમેદવારોએ પણ આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. પરીક્ષામાં કુલ ૪૭ હજાર પૈકી ૩૦ હજાર જેટલા ઉમેદવારો નાપાસ થતાં પરિણામ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. પરિણામમાં ક્ષતિ હોવાની આશંકા સાથે પુનઃમૂલ્યાંકનની ઉગ્ર માંગ લઈને મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને ભારે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. તહેવારો બાદ તરત જ શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્ત્વના વિભાગો સામે શરૂ થયેલા આ ત્રિપાંખિયા જંગે સરકારને ભીંસમાં મૂકી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ આંદોલનકારીઓની પડતર માંગણીઓ સંતોષીને મામલો થાળે પાડે છે કે પછી આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.

કાર, એસી અને પાકાં મકાન છતાં ૧૩ ટકા લોકો મફત રાશન મેળવે છે

DFPDના ૫૧,૩૦૩ લાભાર્થીઓના સરવેમાં ખુલાસો, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને બિહારમાં અયોગ્ય લાભાર્થીઓનું પ્રમાણ સૌથી વધુ જોવા મળ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૪

સરકાર દ્વારા અપાતા રાશનના લાભાર્થીઓમાં ૧૩ ટકા લોકો એવા છે કે જે આ યોજનાને લાયક જ નથી, જોકે તેમ છતા તેઓ નિયમિત રીતે રાશન મેળવી રહ્યા છે. આ ૧૩ ટકા લોકોમાં એવા પણ સામેલ છે કે જેઓની પાસે પાકા મકાન, કાર અને એર કંડીશનર (એસી) પણ છે. આ લોકો પાસે તમામ સુખ સુવિધા હોવા છતા તેઓ પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ તરીકે ફાયદો ઉઠાવી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કરવામાં આવેલા સરવે મુજબ અનેક એવા પરિવારજનો છે કે જે રાજ્ય સરકારો તરફથી નક્કી કરાયેલી શરતોમાં સામેલ નથી થતા જોકે તેમ છતા તેઓ રાશન મેળવી રહ્યા છે. આ એવા લોકો છે કે જેમને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા મુજબ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ મળી રહ્યો છે.

સરવેમાં સામે આવ્યું કે ત્રણ કરતા વધુ રૂમ ધરાવતા મકાનો, કાર, એક કન્ડિશનર જેવી સુવિધા છે, એટલુ જ નહીં આ ૧૩ ટકામાંથી ઘણા એવા છે કે જેમના પરિવારમાંથી કોઈને કોઈ પાસે સરકારી નોકરી પણ છે.

પ્રાઇમ રિપોર્ટ મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડીએફપીડી દ્વારા આ સરવે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ૫૧૩૦૩ લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા, તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરાયેલા આ સરવેમાં સામે આવ્યું હતું કે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, તમિલનાડુ જેવા રાજ્યોમાં આવા લાભાર્થીઓની સંખ્યા અન્ય રાજ્યો કરતા વધુ છે. ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ સરકાર ગ્રામીણ વિસ્તારમાં ૭૫ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૫૦ ટકા પરિવારને યોજનાનો લાભ આપી રહી છે. આ તમામ લાભાર્થીઓની કુલ સંખ્યા ૮૧.૩૫ કરોડ છે. રાજ્યો પર નજર કરીએ તો પશ્ચિમ બંગાળમાં છ કરોડ લાભાર્થીઓમાંથી ૩૯ ટકા, તમિલનાડુમાં ૩.૬૩ કરોડમાંથી ૩૮ ટકા, બિહારમાં ૮.૧૪ કરોડમાંથી ૨૫ ટકા, ઓડિશામાં ૨૨ ટકા, મહારાષ્ટ્રમાં ૨૦ ટકા લોકો આ તમામ સુવિધાઓ ધરાવનારા છે.

દેવ દિવાળીએ મા મહાકાળીના શરણે ઉમટ્યો આસ્થાનો મહાસાગર

(સંપૂર્ણ સમાચાર સેવા)

પંચમહાલ,તા.૨૪

પંચમહાલના સુપ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે કારતક સુદ પૂનમ અને દેવ દિવાળીના પાવન પર્વે ભક્તિનો અદભુત માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો મા મહાકાળીના દર્શન માટે પાવાગઢ પહોંચ્યા હતા. ભક્તોની ભારે ભીડના કારણે મંદિર પરિસર તેમજ દર્શનના માર્ગો પર પગ મૂકવાની પણ જગ્યા ન હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. દેવ દિવાળીના પર્વે પાવાગઢ ડુંગર જાણે ભક્તિસાગરમાં ફેરવાઈ ગયો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મા મહાકાળીના દર્શન માટે કતારમાં જોડાયા હતા. સમગ્ર પંથક 'જય માતાજી'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યો હતો. દેવ દિવાળીના પવિત્ર અવસરે મંદિરની પરંપરા મુજબ મા મહાકાળી માતાજીને વિવિધ વાનગીઓથી સજાવેલો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિરના પૂજારી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજન-અર્ચન કરી અન્નકૂટ માતાજીને અર્પણ કરવામાં આવ્યો હતો. દર્શન માટે આવેલા હજારો ભક્તોએ માતાજીના દર્શનની સાથે ભવ્ય અન્નકૂટના પણ દર્શન કર્યા હતા. પાવાગઢમાં વહેલી સવારથી જ ભક્તોની સતત અવરજવર રહેતાં સમગ્ર વિસ્તાર ધાર્મિક ઉત્સાહ અને આસ્થાથી ભરાઈ ગયો હતો.

(પહેલાં પાનાનું ચાલુ)

દમણમાં ભાજપ દ્વારા...

ભાજપના વિવિધ પદાધિકારીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, જિલ્લા અને મોરચાના અધિકારીઓ, મહિલા કાર્યકરો અને મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો જોડાયા હતા.

પદયાત્રાના સમાપન સમયે, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાએ 'અરાજકતા હટાવવા નિકળેલા પદયાત્રીઓ'ને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસનું રાજકારણ પરિવારોનું રક્ષણ કરવાનું છે, જ્યારે ભારતીય જનતા પાર્ટીનું રાજકારણ રાષ્ટ્ર નિર્માણ અને લોકોની સેવા કરવાનું છે. વર્ષોથી કોંગ્રેસે લોકશાહીને એક પરિવાર સુધી મર્યાદિત રાખી હતી, જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપે લોકશાહીને સામાન્ય નાગરિકોને સશક્ત બનાવવાનું સાધન બનાવ્યું છે. કોંગ્રેસે પોતાના શાસનકાળ દરમિયાન કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરી હતી અને આજે એ જ કોંગ્રેસ બંધારણનો ઉપયોગ કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે પણ ચૂંટણીમાં તેને જાહેર સમર્થનનો અભાવ હોય છે, ત્યારે કોંગ્રેસ બંધારણીય સંસ્થાઓ અને ચૂંટણી પ્રક્રિયાઓ પર સવાલ ઉઠાવવાનું શરૂ કરે છે. ભાજપ બંધારણ અને દેશની તમામ બંધારણીય સંસ્થાઓનું સન્માન કરે છે. આગરિયાએ સલાહ આપી હતી કે, અરાજકતા ફેલાવવા અને દેશની સિદ્ધિઓ પર શંકા કરવાને બદલે, વિપક્ષે રાષ્ટ્રીય વિકાસમાં સકારાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.

આ અવસરે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને પ્રદેશ ભાજપ પ્રભારી શ્રીમતી વર્ષાબેન દોશીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ વિકાસ, સુશાસન અને જન કલ્યાણના નવા આયામો સ્થાપિત કરી રહ્યો છે. આજે ગરીબો, મહિલાઓ, યુવાનો અને જરૂરિયાતમંદોને સશક્ત બનાવવા માટે અનેક યોજનાઓ અસરકારક રીતે અમલમાં મુકવામાં આવી રહી છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્માન ભારત અને લખપતિ દીદી જેવી યોજનાઓએ સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે. અગાઉ, સરકારી યોજનાઓના લાભો સામાન્ય લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં વચેટિયાઓની ભૂમિકા હતી. જોકે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, સરકારી સહાય હવે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા લાભાર્થીઓ સુધી સીધી તેમના બેંક ખાતામાં પહોંચી રહી છે. આનાથી પારદર્શિતા વધી છે અને ગરીબોને તેમના સંપૂર્ણ લાભો મળે તે સુનિશ્ચિત થયું છે. 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો' કૂચ દ્વારા, ભાજપે લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા, બંધારણીય સંસ્થાઓ, સુશાસન અને રાષ્ટ્રીય વિકાસનું સન્માન કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. દમણ શહેરમાં નીકળેલી આ પદયાત્રામાં ભાજપના કાર્યકરોનો ઉત્સાહ, સંગઠનની એકતા અને મોટી સંખ્યામાં મહિલાઓ અને કાર્યકરોની ભાગીદારી જોવા મળી.

સરપંચ હોય તો આવા... પારડીના ખેરલાવ ગામે લખી વિકાસની ગાથા, અન્ય ગામો માટે આદર્શરૂપ ગામ

વિકાસની સફરમાં રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતની આધુનિક સુવિધાથી સજ્જ બન્યું ખેરલાવ

રૂા.૧.૪૨ કરોડના ખર્ચે આધુનિક શાળા, રૂા. ૩૫ લાખની લાઈબ્રેરી, ૬ કરોડના રસ્તા અને અંડરગ્રાઉન્ડ વીજલાઈનથી ગામને મળ્યું નવું રૂપઃ સરપંચ મયંકભાઈ પટેલ દર વર્ષે પોતાનો જન્મ દિવસ પણ સેવાના સંકલ્પ સાથે ઉજવી માનવ સેવાનો સંદેશ આપે છે



સરપંચ શ્રી મયંકભાઈ પટેલ









ગ્રામજનોની સુખાકારીને પ્રાધાન્યઃ ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ, CCTV કેમેરા, RO પ્લાન્ટ, વોટર કુલર અને મોબાઈલ ટાવરની સુવિધા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૪

''ભારતનો આત્મા ગામડામાં વસે છે, ગામડા સમૃદ્ધ થશે તો દેશ સમૃદ્ધ થશે''. ગાંધીજીનું આ વિધાન આજે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખેરલાવ ગામ માટે સાર્થક થઈ રહ્યું છે. જ્યાં ગામના યુવા સરપંચે પોતાના વિચારો અને ગામના લોકોના સહકાર તેમજ સરકારી વિવિધ યોજનાનો લાભ લઈ આખા ગામની કાયા પલટી નાંખી. ગામમાં પગ મુકો એટલે એવું લાગે કે, આપણે આદર્શ ગામમાં આવ્યા હોય. રસ્તા, અંડર ગ્રાઉન્ડ વીજ લાઈન, બસ સ્ટેન્ડ, નવી નક્કોર પ્રાથમિક શાળા, આંગણવાડી, પીવાના પાણી માટે આર.ઓ.પ્લાન્ટ, ગ્રામજનોની સુરક્ષા માટે સીસીટીવી સહિતની સુવિધા ઉપલબ્ધ છે. આ તો માત્ર પ્રાથમિક સુવિધાની વાત થઈ આ સિવાય પણ ગ્રામજનોની સુખાકારી માટે નાની મોટી વાતોનું ધ્યાન રખાયુ છે. જેના પરથી અનેક ગામના સરપંચો પ્રેરણા મેળવી ગાંધીજીના સપનાનું આદર્શ ગામ બનાવી શકે છે.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાનું ખેરલાવ ગામ આમ તો ૧૭૦૦ જેટલી વસ્તી ધરાવતુ નાનકડુ ગામડુ છે પરંતુ આ ગામના વિકાસે સમગ્ર જિલ્લાનું ધ્યાન ખેંચ્યું છે. વર્ષ ૨૦૨૧માં થયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવા સરપંચ તરીકે શ્રી મયંકભાઈ પટેલ ચૂંટાયા હતા. ગામ માટે કંઈક કરી છૂટવાની તીવ્ર ભાવના અને મક્કમ નિર્ધાર સાથે પહેલા તો તેઓ દરેક ગ્રામજનોના ઘરે જઈ તેઓની સમસ્યા અને ગામના વિકાસ માટે લોકોના શું વિચાર છે તે જાણવાની પહેલ કરી એટલે ગામના વિકાસ માટે લોકોનો સહકાર પણ આપમેળે મળતો ગયો. તમામ ગ્રામજનોને સાથે રાખી કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ગામનો સમતોલ વિકાસ થાય તે માટે શ્રી મયંકભાઈ પટેલે શરૂઆત કરી ગામની પ્રાથમિક સુવિધા રસ્તા, પાણી અને વીજળીથી.

ગામના વિકાસની પાંચ વર્ષની ગાથા જણાવતા યુવા અને કર્મઠ સરપંચ શ્રી મયંકભાઈ પટેલ જણાવે છે કે, ખેરલાવના દરેક ફળિયા, દરેક પરિવાર અને ગામની મૂળભૂત જરૂરિયાતોને

ખાસ લેખ
- જિજ્ઞેશ સોલંકી

ધ્યાનમાં રાખીને વિકાસનાં કાર્યો કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. સરકારી વિભાગો, વહીવટી તંત્ર, લોકપ્રતિનિધિઓ, દાતાઓ, સીએસઆર સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી ગામમાં રસ્તા, શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી, ખેતી, રોજગાર અને જનસુવિધાઓ જેવા અનેક ક્ષેત્રોમાં વિકાસનાં કાર્યો આગળ વધ્યાં છે. આ વિકાસગાથા ખેરલાવના સૌના સહકાર, વિશ્વાસ અને સહિયારા પ્રયાસોની સફર છે.

વિકાસની વાત કરતા સરપંચ શ્રી મયંકભાઈ પટેલ આગળ જણાવે છે કે, ગામનો સર્વે કરી અત્યાર સુધીમાં રૂા. ૬ કરોડ ૨૦ લાખના રસ્તા બની ચૂક્યા છે, જ્યારે આગામી દિવસોમાં રૂા. ૩ કરોડ ૧૬ લાખના રસ્તા બનાવવાનું આયોજન છે.

શિક્ષણક્ષેત્રની સુવિધા માટે અંદાજીત રૂા.૧.૪૨ કરોડના ખર્ચે આધુનિક પ્રાથમિક શાળાનું નવું મકાન જેમાં લાઈબ્રેરી, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, સ્માર્ટ બોર્ડ અને રમતગમતની સુવિધાઓનો વિકાસ, શાળા પરિસરમાં હરિત ગાર્ડન, ઔષધિવન તેમજ ત્રણેય આંગણવાડીઓનું નવીનીકરણ અને સુવિધાઓમાં સુધારો કર્યો છે.

આજના ડિજિટલનો યુગમાં કનેક્ટિવિટી માટે BSNL ટાવરની સુવિધા ઊભી કરવામાં આવી. જેના પરિણામે ગ્રામજનોને સંચાર, ઓનલાઈન સરકારી સેવાઓ અને ડિજિટલ સુવિધાઓનો લાભ મેળવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું હતું.

ખેરલાવ ગામમાં ગ્રામજનોને આરોગ્યલક્ષી તેમજ તત્કાલ સારવાર મળી રહે તે માટે ખેરલાવ ખાતે ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે. આ સિવાય ૧,૨૫૦થી વધુ લોકોને આયુષ્માન કાર્ડનો લાભ, ટીબી મુક્તિ અભિયાનમાં ગ્રામ પંચાયતનું ગોલ્ડ એવોર્ડથી સન્માન, સિકલસેલના દર્દીઓને સહાય, ટીબી એક્સ-રે કેમ્પ અને આરોગ્ય તપાસ કેમ્પ, ગર્ભવતી મહિલાઓને સરકારી યોજનાઓ હેઠળ સહાય અને નેત્ર તપાસ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે મોતિયાના ઓપરેશનની વ્યવસ્થા પણ કરાઈ છે.

ખેરલાવ ગામમાં પીવાના શુદ્ધ પાણી માટે RO પ્લાન્ટ અને વોટર કુલરની સુવિધા તેમજ ખેતીવાડીમાં સિંચાઈ માટે ચેકડેમ કમ કોઝવેનું નિર્માણ કરાયું છે. ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા ૫૦ ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ કુલ રૂા.૭,૫૫,૩૯૬ની સહાય, PM કિસાન સન્માન નિધિ હેઠળ ૨૪૬ ખેડૂતોને લાભ સહિત ઘર આંગણે રોજગારી માટે મનરેગા રોજગારલક્ષી યોજનાનું અમલીકરણ, ગ્રામજનો નાણાંની બચત કરતા થાય તે માટે ગામમાં પોસ્ટ વિભાગ સાથે નિયમિત કેમ્પ યોજી કુલ ૬૨૦ ખાતાં ખોલાવ્યા છે. વિધવા બહેનો અને વૃદ્ધોને આર્થિક મદદ મળે તે માટે ૮૪ બહેનો અને ૫૪ વૃદ્ધોને પેન્શન ચાલુ કરાવવામાં મદદરૂપ થયા.

ગામનું સૌંદર્યીકરણ, સુશોભન અને વૃક્ષારોપણ ઉપર વિશેષ ભાર મુકાયો છે. ગામમાં જાહેર સ્થળો અને મુખ્ય વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા સીસીટીવી કેમેરાની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે.

સરપંચ શ્રી મયંકભાઈ પટેલ છેલ્લા આઠ વર્ષથી પોતાના જન્મદિવસની ઉજવણી સેવા કાર્ય સાથે કરે છે. દર વર્ષે સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજીને માનવસેવાના સંકલ્પને આગળ વધારે છે. અત્યાર સુધીમાં ૮૩૬ યુનિટ રક્ત એકત્રિત કરતા ૨૫૦૮ માનવ જિંદગીઓને નવી આશા મળી છે. તાજેતરમાં નિઃશુલ્ક નેત્ર તપાસ શિબિરનો ૨૮૪ લોકોએ લાભ લીધો હતો.

આમ, ગામના દરેક લોકોની સમસ્યા સાંભળી સરકારના વિવિધ વિભાગ સાથે સંકલન કરી ઝડપી ઉકેલ લાવવામાં આવે તો દરેક ગામ ખેરલાવની જેમ આદર્શ ગામ બની શકે છે. સરપંચ ગામના વિકાસ માટે શું કરી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ખેરલાવ ગામે આપ્યું છે .

અંડર ગ્રાઉન્ડ વીજ કેબલ અને સ્ટ્રીટ લાઈટથી ઝગમગી ઉઠ્યું ખેરલાવ

ખેરલાવ ગામમાં વીજળી વિતરણ વ્યવસ્થાને વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને ગુણવત્તાયુક્ત બનાવવા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન RDSS યોજના હેઠળ ખુલ્લા વીજતારના સ્થાને અંદાજે પાંચ કિ.મી. મુખ્ય વીજ લાઈનને અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમમાં પરિવર્તિત કરી, આ સિવાય કિસાન સૂર્યોદય યોજના હેઠળ HT ફીડરનું આધુનિકીકરણ, સ્ટ્રીટલાઈટ માટે આશરે ૧૮ કિમી કેબલ અને ૧૬૦ નવા પોલ, વીજ લાઈન શિફ્ટિંગ અને ટ્રાન્સફોર્મરની સંખ્યામાં વધારો તેમજ ઉપથી વધુ આદિવાસી પરિવારોને મફત વીજ મીટર મુકાવી આપતા ગામ રોશનીથી ઝળહળી રહ્યું છે.

સસ્તા અનાજની દુકાનઃ ખેરલાવમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાન પહેલા નહીં હોવાથી ગ્રામજનોને અનાજ લેવા ૫ થી ૬ કિમી દૂર ડુમલાવ જવું પડતું, હવે દુકાન ફાળવાતા ગામમાં જ અનાજ મળવાથી રાહત થઈ છે.

ગામના યુવાનોના સપના સાકાર કરશે ગામની અદ્યતન લાઈબ્રેરી



ખેરલાવમાં આધુનિક પુસ્તકાલયની સુવિધા ઊભી કરવી એ ગામના વિદ્યાર્થીઓ અને યુવાનોના શૈક્ષણિક ભવિષ્ય માટે મહત્વપૂર્ણ પહેલ છે. રાજ્યસભા સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના સાંસદ નિધિમાંથી અંદાજિત રૂા.૩૫ લાખના સહયોગથી લાઈબ્રેરી બનાવવામાં આવી છે. જેમાં GPSC અને UPSC પરીક્ષાની તૈયારી, સરકારી ભરતી પરીક્ષાનું માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાનાં પુસ્તકો અને વાંચન માટે અનુકૂળ વાતાવરણ પુરૂ પડાયું છે. આ પુસ્તકાલય ગામના યુવાનોના સપનાંને સાકાર કરવામાં મદદરૂપ બનશે.

કૌશલ્યથી કારકિર્દી તરફની ઉડાનઃ આઈ.ટી.આઈ. નવસારી ખાતે પમો દીક્ષાંત સમારોહ સંપન્ન

અગ્રણી ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયતઃ 'ઈન્ડસ્ટ્રી-ઈન્સ્ટિટ્યૂટ' સેતુને વધુ મજબૂત બનાવવાનો નિર્ધાર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૪

યુવા કૌશલ્યને નવી દિશા અને ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખોલવાના ઉમદા હેતુ સાથે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), નવસારી ખાતે તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પમો દીક્ષાંત સમારોહ (Convocation Programme) અત્યંત ઉત્સાહ અને ગરિમાપૂર્ણ માહોલમાં યોજાયો હતો.

સંસ્થાના આચાર્ય શ્રી જી.એન.લાડના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આયોજિત આ ભવ્ય સમારોહમાં તાલીમ પૂર્ણ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેની સાથે જ તેમના વ્યાવસાયિક જીવનની નવી સફરનો મંગલ પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના પ્રતિષ્ઠિત ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગોલ્ડી સોલાર પ્રા.લિ.(Goldi Solar Pvt.Ltd.)ના શ્રી મેહુલ દોશી અને શ્રી દેવેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વર્તમાન ઔદ્યોગિક માંગ અને કૌશલ્ય વિકાસના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત એલ એન્ડ ટી (L&T, સુરત)ના શ્રી કલ્પેશ ગજજર અને શ્રી નિલેશભાઈ પટેલ, કાયરા મશીન ટૂલ્સના શ્રી હર્ષ વઘાસિયા, એસ્ટેક ઈલેક્ટ્રિકલ્સ ઈન્ડિયા પ્રા.લિ.ના શ્રી રૂચિર કંસારા, ગિન્ઝા (સચિન)ના શ્રી મોહમ્મદ યુસુફ અંસારી તેમજ કાલિયાવાડીના માજી સરપંચ શ્રી પરેશ પટેલે ખાસ હાજરી આપી વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતની જરૂરિયાતો અને રોજગારીની વિપુલ તકો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

કાર્યક્રમના અંતે સંસ્થાના આચાર્ય શ્રી જી.એન.લાડે ઉપસ્થિત તમામ ઉદ્યોગપતિઓ, મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આઈ.ટી.આઈ. અને ઉદ્યોગજગત વચ્ચેનો સેતુ વધુ મજબૂત બને તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. સમગ્ર દીક્ષાંત સમારોહને યાદગાર અને સફળ બનાવવા માટે સંસ્થાના સમગ્ર સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

સુરત-ઉંમરા-કુંથુનાથ ટાવરના આંગણે જૈનાચાર્યનું ચાતુર્માસ પરિવર્તન

સુકુલમાં જન્મ-નીતિનું ધન-શ્રી સિદ્ધાચલ તીર્થના દર્શન-સમાધિ અને ચતુર્વિધ શ્રી સંઘના દર્શના મળવા એ અતિ દુર્લભ છે - વિજયપુણ્યરક્ષિતસૂરિ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૪

ચોમાસુ, બેસે છે, વરસાદ શરૂ થાય છે અને જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના વિહાર (પદયાત્રા) બંધ થાય છે.

ચાતુર્માસના ચાર મહિના સુધી બંધ રહેલ વિહારનો પ્રારંભ દિવસ અર્થાત કાર્તિક સુદ પુર્ણિમા! જૈન સાધુ સાધ્વીભગવંતો ગામમાં હોય, નગરમાં હોય કે મહાનગરમાં હોય પરંતુ વિહારની મર્યાદા જાળવતા હોય છે. જે સ્થાનમાં ચાતુર્માસ રહ્યા હોય તે સ્થાન છોડી બીજા સ્થાનમાં થોડા સમય માટે જઈને પણ વિહારની મર્યાદા જાળવવી તેનું જ નામ છે... ચાતુર્માસ પરિવર્તન!

ઉપરોક્ત શબ્દો સુરત શહેરના મધ્યાવર્તી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલ સુપ્રસિદ્ધ એવા વિજયરામચન્દ્રસુરીશ્વરજી આરાધનાભવન ખાતે શ્રી જિજ્ઞાસા ટ્રસ્ટ (સુરત)ના ઉપક્રમે જિનશાસનજ્યોતિર્ધર સૂરિસમ્રાટ 'સુરિરામચંન્દ્ર' સમુદાયવર્તી આધ્યાત્મિક પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજય મુક્તિપ્રભસુરિશ્વરજી મહારાજાની આજ્ઞા-આશિષથી ચાતુર્માસ પધારી સકલશ્રી સંઘ પ્રવચન દ્વારા સુંદર ધર્મજાગૃતિ લાવનાર યુવા પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજી મહારાજે ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે ઉમરા શ્રી કુંથુનાથ જિનાલયના પરિસરમાં કુંથુનાથ ટાવરના આંગણે 'શ્રી કાર્તિકી પૂર્ણિમાનો મહિમા'' વિષય પર પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા.

જૈનાચાર્યશ્રી પોતાના પ્રવચનમાં એમ પણ બતાવ્યું હતું કે ભૌતિકજગતમાં સત્તા-સંપતિ-સુંદરી અને સ્વાસ્થ્યની પ્રાપ્તિને દુર્લભ માનવમાં આવે છે. જ્યારે આધ્યાત્મિક જગતના સ્તર પર (૧) સુકુલમાં જન્મ (૨) સદ્દદ્રવ્ય (નીતિનું ધન) (૩) શ્રી સિદ્ધાચલતીર્થના દર્શન (૪) સમાધિ અને (૫) ચતુર્વિધ શ્રી સંઘના દર્શનને દુર્લભ માનવમાં આવે છે. જૈનજગતમાં આ પાંચેય ચીજને સ'કારા' પંચ દુર્લભા તરીકે ઓળખવામાં આવે છે.

આ પાંચેય દુર્લભ ચીજોને વિસ્તારથી સમજાવતા કહ્યું હતું કે સુકુલ કોને કહેવાય?

જ્યાં આત્મા-પરલોક-પુણ્ય-પાપની શ્રદ્ધા હોય. જ્યાં પરલોકપ્રધાન દૃષ્ટિ હોય!

જ્યાં દેવ-ગુરુ અને ધર્મની પ્રધાનતા હોય' અને ધર્મની પ્રધાનતા હોય! અને જ્યાં માતા-પિતાની ભક્તિ થતી હોય તે સુકુલ કહેવાય

સદ્દદ્રવ્ય એટલે નીતિથી મેળવેલું ધન :

નીતિથી મેળવેલું ધન જીવનમાં શાંતિ આપે છે. અનીતિનું ધન જીવનમાં અશાંતિ -સકલેશ પેદા કરે છે.હાથનો પૈસો લ્હાય લગાડ્યા વિના રહેતો નથી.

સગા ભાઈનો વચ્ચે પણ વૈમનસ્ય પેદા કરાવનાર હોય તો આ ધન છે. જેવું ધન એવું અન્ન, જેવુ અન્ન એવું મન, જેવુ મન તેવું જીવન, જેવું જીવન તેવું મરણ અને જેવું મરણ તેવી ગતિ. મેળવજો નીતિથી, ભોગવજો રીતિથી, વાપરજો પ્રીતિથી તો બચી જશો દુર્ગતિથી

●જૈનોના સર્વ તીર્થોમાં પ્રધાન તીર્થ હોય તો તે સિદ્ધાચલ તીર્થ છે. જે તીર્થની યાત્રા કરવાથી બધા જ તીર્થોની યાત્રાનો લાભ મળે છે.

● જૈના જીવનમાં ધર્મ હોય છે તેને જ મરણ સમયે સમાધિ મળે છે. જ્યાં ધર્મ છે. ત્યાં શાંતિ છે. સમાધિ છે અને સદ્ગતિ છે.

●સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકાને ચર્તુવિધ સંઘ કહેવાય છે. જૈનશાસ્ત્રમાં ચતુર્વિધ શ્રી સંઘને (૨૫)માં તીર્થંકરની ઉપમા આપી છે.-ચર્તુવિધ શ્રી સંઘના દર્શન પણ દુર્લભ છે.

પ્રવચન પૂર્ણાહૂતિ બાદ ચાતુર્માસ પરિવર્તનમાં લાભાર્થી રાજપુર (ડીસા) નિવાસી માતુશ્રી સવિતાબેન વાડીલાલ રાંકાણી પરિવારથી સકલ શ્રી સંઘની ખજુરના પેકેટની પ્રભાવના થયેલ.

કુંથુનાથ ટાવરના ચોકમાં સુમનોહર શામિયાણામાં શ્રી શંત્રુજય મહાતીર્થના પટ સન્મુખ સામુદાયિક ચૈત્યવંદન ૨૧ ખમાસમણા આદિ વિધિ પણ ખુબ જ સારી રીતે સંપન્ન થયેલ.

પૂજયશ્રી કારતક વદ-૧, બુધવાર તા. ૨૫ નવેમ્બરના સવારે ૬:૧૫ કલાકે મેઘમયુર પ્લાઝા ખાતે પધરામણી કરી 'અંતિમ હિતોશક્ષા' પ્રવચન ફરમાવી વેસુ-મુક્તિમહાનગરી તરફ મંગલ પ્રથમ વિહાર કરી પોતાના ઉપકારી ગુરુભગવંતોની નિશ્રામાં પહોંચશે. પૂજયશ્રીનું ચાતુર્માસ અવિસ્મરણીય બની રહેશે.

નવસારીમાં ઉત્તરાયણ નિમિત્તે પક્ષી બચાવો અભિયાન 'સેવાભાવી વોલન્ટિયર્સ જોડાવા અપીલ'

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

નવસારી, તા.૨૪: ઉત્તરાયણના પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને બચાવવા નવસારીમાં Rescue & Rehab Foundation Trust દ્વારા તા.૧૩ જાન્યુઆરીથી પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ઘાયલ પક્ષીઓનું રેસ્ક્યુ, સારવાર અને રિહેબિલિટેશન કરી સાજા થયા બાદ તેમને કુદરતી વાતાવરણમાં મુક્ત કરવામાં આવશે. આ સેવાકાર્યમાં સહભાગી બનવા સેવાભાવી વોલન્ટિયર્સને જોડાવા અપીલ કરવામાં આવી છે.નવસારી ઉપરાંત ગુજરાતના અન્ય શહેરો અને વિસ્તારોના લોકો પણ આ અભિયાનમાં જોડાઈ શકશે. શાંતા દેવી ખાતે યોજાનારા આ કેમ્પમાં જોડાવા માટે કોઈ પૂર્વ અનુભવ જરૂરી નથી, વોલન્ટિયર્સને જરૂરી તાલીમ પણ આપવામાં આવશે. પક્ષી બચાવો અભિયાનમાં વોલન્ટિયર તરીકે જોડાવા ઇચ્છુકોએ જૈનમ મહેતા, મોબાઈલ નંબર-૯૪૦૮૧ ૮૯૬૯૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

બાળકોની સલામતીના મામલે કોઈપણ પ્રકારની લાપરવાહીને સામાન્ય ચૂક બતાવી હાથ ખંખેરી શકાય નહીં

આખાં વિશ્વમાં યુવાઓનાં આકર્ષણરૂપ સોશિયલ મીડિયા સંવાદ, સૂચના અને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ બની રહ્યું છે, પણ તેમાં પીરસાતી અશ્લીલતાએ સવાલ ઊભો કર્યો છે, એ સાથે હિંસા અને આપત્તિજનક કન્ટેન્ટ પણ આ માધ્યમની ઉપયોગિતા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. સૌથી વધુ ચિંતાની વાત એ છે કે, સોશિયલ મીડિયાના અલગોરિધમ ઘણીવાર વધુ ને વધુ લોકો સુધી આ સામગ્રી પહોંચાડવામાં મદદ કરે છે, જેને કારણે સામાજિક મર્યાદાને અસર થાય છે, તો સાથે બાળકો અને કિશોરોનાં મનમસ્તિષ્ક પર ખરાબ પ્રભાવ પાડે છે. આવી પરિસ્થિતિમાં ઈન્સ્ટાગ્રામે પોતાની કન્ટેન્ટ રેકમેન્ડેશન સિસ્ટમમાં બદલાવ કરવાનું નક્કી કર્યું છે, એ સ્વાગતયોગ્ય પગલું છે. આ પ્લેટફોર્મ પર એ.આઈ.ની મદદથી અશ્લીલતા અને હિંસક પોસ્ટની ઓળખ કરી યુઝર્સ સુધી પહોંચતાં પહેલાં રેકમેન્ડેશનથી હટાવવાની પ્રક્રિયા કરાઈ રહી છે. આ બદલાવ માત્ર ટેકનિકલ સુધારા જ નથી, બલ્કે સોશિયલ મીડિયાની જવાબદેહી નક્કી કરવામાં પણ મહત્ત્વનું પગલું છે. હકીકતે સોશિયલ મીડિયા પર સમસ્યા માત્ર આપત્તિજનક કન્ટેન્ટ અપલોડ કરવા પૂરતી નથી, પણ આ સામગ્રી ક્યાં અને કેવી રીતે આગળ વધે છે તેની છે. સોશિયલ મીડિયાનાં પ્લેટફોર્મના અલગોરિધમ યુઝર્સની રુચિ અને તેની ગતિવિધિઓને આધારે પોસ્ટને આગળ વધારે છે. ઘણીવાર સનસનીખેજ, અશ્લીલ અને હિંસક સામગ્રી વધુ પ્રતિક્રિયા મેળવે છે. ભારત સરકારે મેટાને ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની રેકમેન્ડેશન સિસ્ટમ અને અલગોરિધમની સમીક્ષા કરવાની ૧૦મી ઓક્ટોબરે સલાહ આપી હતી. આથી પહેલાં બાળકોના યૌન શોષણ સાથે જોડાયેલા વિજ્ઞાપનો માટે પણ મેટાને નોટિસ ફટકારી હતી. આ ઘટનાઓએ સોશિયલ મીડિયા કંપનીઓની દેખરેખ વ્યવસ્થા અને જવાબદેહી પર પ્રશ્નો ઊભા કર્યા હતા. આવી સામગ્રી પ્લેટફોર્મ સુધી પહોંચે જ કેવી રીતે છે અને વિજ્ઞાપનરૂપે તેનો પ્રસાર થવા પહેલાં તપાસ કેમ નથી કરાતી? બાળકોની સલામતીના મામલે કોઈપણ પ્રકારની લાપરવાહીને સામાન્ય ચૂક બતાવી હાથ ખંખેરી શકાય કહીં. અલબત્ત એ.આઈ. સિસ્ટમ આધારિત તપાસ વ્યવસ્થા કે ફિલ્ટરિંગ એ સમસ્યાનું સાચું સમાધાન નથી. કેમ કે, તેની પણ મર્યાદાઓ હોય છે, તેથી તેમાં ઘણીવાર આપત્તિજનક સામગ્રી ઓળખવામાં ચૂકી જવાય છે, તો બીજી તરફ જાગરુકતા, શિક્ષણ અને સામાજિક વિચાર-વિમર્શ જેવી સામગ્રી ખોટા વર્ગીકરણમાં ફસાઈ જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે એ.આઈ.ની સાથે સાથે માનવીય દેખરેખ, પારદર્શી ફરિયાદ નિવારણ વ્યવસ્થા અને નિયમિત સ્વતંત્ર સમીક્ષા તંત્ર ઊભું કરવાની જરૂર છે. કંપનીઓએ એ બતાવવું જોઈએ કે, આપત્તિજનક કન્ટેન્ટનાં માપદંડ શું છે? અને ખોટી રીતે અટકાવેલી પોસ્ટ માટે ક્યાં ફરિયાદ કરવી. ઈન્સ્ટાગ્રામમાં નોટ ઈન્ટરેસ્ટેડ, સેન્સિટિવ કન્ટેન્ટ કન્ટ્રોલ અને હિડન વર્ડ્ઝ જેવા વિકલ્પોનો ઉપયોગ કરી અનિચ્છનીય સામગ્રીને કાબૂમાં રાખી શકે છે. કિશોરો માટે ટીન એકાઉન્ટ્સ જેવી વ્યવસ્થા પણ ઊભી કરી શકાય, પણ આ બધાનો પ્રભાવ ત્યારે જ થશે, જ્યારે તેનો ઉપયોગ કરનારાં બાળકોની ડિજિટલ પ્રસ્તુતિ પ્રત્યે સજાગ બનાય અને તેમનામાં ઈન્ટરનેટની જવાબદારીભર્યા ઉપયોગની સમજણ વિકસિત થાય. સોશિયલ મીડિયાની સ્વતંત્રતાનો અર્થ એવો તો નથી જ કે, અહીં કંઈપણ રજૂ કરવાની છૂટ છે, એ.આઈ.થી અશ્લીલતા અને હિંસક સામગ્રી લગાવવાની પહેલ ત્યારે જ સાર્થક થશે. જો તેને માત્ર સરકારી નિર્દેશ મળ્યો એટલે જ પગલું લેવાય છે એવું લાગે. ખરેખર તો સોશિયલ મીડિયા કંપનીઓની કાયમી જવાબદારી છે, તેને સુરક્ષિત, મર્યાદિત અને ઉપયોગી બનાવાય. આ માટે સરકાર, કંપનીઓ, ઉપયોગકર્તાઓ અને સમાજ બધાની પણ સામૂહિક જવાબદારી બને છે.

ઓનલાઈન ખરીદીમાં એઆઈનો વધતો દબદબો

હવે ખરીદી પહેલાં ગૂગલ નહીં, એઆઈની સલાહ ગ્રાહકો લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

કેલિફોર્નિયા , તા.૨૪: એક સમયે કોઈ વસ્તુ ખરીદવી હોય તો લોકો ગૂગલ પર સર્ચ કરીને અલગ-અલગ વેબસાઇટની કિંમત અને રિવ્યૂ તપાસતા હતા. હવે આ પદ્ધતિમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. ગ્રાહકો સીધા એઆઈને પૂછે છે કે કયો મોબાઇલ સારો છે, ઓછા બજેટમાં કઈ વોશિંગ મશીન ખરીદવી જોઈએ અથવા કઈ બ્રાન્ડની વસ્તુ વધુ સારી છે. એઆઈ ગ્રાહકના બજેટ, પસંદગી અને જરૂરિયાત પ્રમાણે વિકલ્પો સૂચવે છે. આ બદલાવને કારણે ઓનલાઈન ખરીદીની દુનિયામાં એઆઈ એક નવા સર્ચ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.જાણીતી કન્સલ્ટિંગ કંપનીના નવેમ્બર ૨૦૨૬ના રિપોર્ટઅનુસાર, અમેરિકાના લગભગ ૩૩ ટકા અને યુરોપના ૩૬ ટકા ગ્રાહકો ખરીદીની પ્રક્રિયાના કોઈને કોઈ તબક્કે એઆઈ આસિસ્ટન્ટનો ઉપયોગ કરે છે. ૨૦૨૫માં આ આંકડો અમેરિકામાં ૧૯ ટકા અને યુરોપમાં માત્ર ૮ ટકા હતો. એટલે એક વર્ષમાં યુરોપમાં એઆનો



અમેરિકામાં ૩૩ અને યુરોપમાં ૩૬ ટકા ગ્રાહકો ખરીદી પહેલાં એઆઈની મદદ લેતા થયા, એઆઈથી આવતા ગ્રાહકોની ખરીદીની શક્યતા ૯૦ ટકા વધુ છે

ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યા સાડાચાર ગણી થઈ છે.રિપોર્ટનો સૌથી રસપ્રદ આંકડો એ છે કે રિટેલ કંપનીઓની વેબસાઇટ પર એઆઈ મારફત આવતા ગ્રાહકોનો હિસ્સો હજુ એક ટકાથી ઓછો છે. જોકે, આવા ગ્રાહકોની ખરીદી કરવાની શક્યતા સામાન્ય રીતે અન્ય માધ્યમથી આવતા ગ્રાહકો કરતાં ૯૦ ટકા વધુ છે. તેનું કારણ એ છે કે એઆઈનો ઉપયોગ કરનારા ઘણા ગ્રાહકો પહેલેથી જ પોતાની જરૂરિયાત, બજેટ અને પસંદગી નક્કી કરીને આવે છે. તેઓ માત્ર માહિતી મેળવવા નહીં, પરંતુ ખરીદીનો નિર્ણય લેવા એઆઈની મદદ લે છે.

લોકસાહિત્યના સંતકવિ દુલા ભાયા કાગ (કાગબાપુ)નું જીવનચરીત્ર

માણસની સાચી ઓળખ તેની જાતિ સંપત્તિ કે સામાજિક હોદ્દાથી નહીં પરંતુ તેના આચરણ અને માનવતાથી થવી જોઈએ



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ

(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

ગુજરાતની ધરતી સંતો, ભક્તો, કવિઓ અને લોકસાહિત્યના મહાન સર્જકોથી સમૃદ્ધ રહી છે. આ ધરતી પર અનેક એવા મહાનુભાવો જન્મ્યા છે જેમણે પોતાની કલમવાણી અને જીવન દ્વારા સમાજને સાચી દિશા બતાવી છે, આવા જ એક વિરલ વ્યક્તિત્વ એટલે લોકકવિ, ભક્તકવિ અને સંતપુરુષ પદ્મશ્રી દુલા ભાયા કાગ જેમને સમગ્ર ગુજરાત પ્રેમ અને આદરથી 'કાગબાપુ' તરીકે ઓળખે છે. કાગબાપુ માત્ર કવિ નહોતા, તેઓ લોકજીવનના સાચા પારખુ, આધ્યાત્મિક ચિંતક, સમાજસુધારક અને માનવતાના ઉપાસક હતા. તેમની કવિતામાં ભક્તિનો ભાવ હતો, વાણીમાં લોકબોલીની મીઠાશ હતી અને વિચારોમાં જીવનને ઉન્નત બનાવે તેવો સંદેશ હતો. તેમની જન્મજયંતિ નિમિત્તે તેમના જીવન અને કવનનું સ્મરણ કરવું એ ગુજરાતી લોકસાહિત્યને વંદન કરવા સમાન છે.

દુલા ભાયા કાગનો જન્મ ૨૫ નવેમ્બર૧૯૦૩ના રોજ સૌરાષ્ટ્રમાં મહુવા નજીક આવેલા સોડવદરી ગામે થયો હતો, તેમના પિતાનું નામ ભાયા ઝાલા કાગ અને માતાનું નામ ધનબાઈ હતું, તેમનું કુટુંબ ચારણ પરંપરા સાથે જોડાયેલું હતું. ચારણ સમાજમાં વીરતા, વચનપાલન, સાહિત્યપ્રેમ અને કાવ્યરચનાની સમૃદ્ધ પરંપરા રહી છે. આ સંસ્કારનો વારસો કાગબાપુને પણ મળ્યો હતો, તેમનું કુટુંબ મજાદર સાથે સંકળાયેલું હતું અને બાળપણનો મોટો સમય ત્યાંના ગ્રામ્ય વાતાવરણમાં વીત્યો હતો. કાગબાપુએ માત્ર પાંચ ધોરણ સુધીનું ઔપચારિક શિક્ષણ મેળવ્યું હતું પરંતુ તેમની જિજ્ઞાસા નિરીક્ષણશક્તિ અને જીવનમાંથી શીખવાની વૃત્તિ અસાધારણ હતી. બાળપણથી જ તેમને રામાયણની કથાઓ અને ધાર્મિક પ્રસંગો સાંભળવાનો શોખ હતો. તેઓ ગાયો ભેંસો ચરાવવા જતા ત્યારે પણ પોતાની સાથે રામાયણનું પુસ્તક રાખતા અને સમય મળતાં તેનું વાંચન કરતા હતા, આ રીતે પ્રકૃતિના ખોળામાં પશુઓની વચ્ચે અને રામકથાના સંસર્ગમાં તેમના વ્યક્તિત્વનું ઘડતર થયું હતું.

ગોપાલકમાંથી લોકકવિ બનવાની યાત્રા..

કાગબાપુનું જીવન આપણને શીખવે છે કે મહાન બનવા માટે માત્ર ઊંચું ઔપચારિક શિક્ષણ જ જરૂરી નથી. જિજ્ઞાસા, સંસ્કાર, નિષ્ઠા અને જીવનના અનુભવો પણ માણસને મહાન બનાવી શકે છે. તેઓ શરૂઆતમાં ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા રહ્યા. ગાયો ચરાવતી વખતે તેઓ પ્રકૃતિને નિહાળતા, લોકોના સ્વભાવને સમજતા અને જીવનના અનુભવોને મનમાં ઉતારતા, આ જ અનુભવો આગળ જતાં તેમની કવિતાના વિષયો બન્યા. તેમની અંદર રહેલી કાવ્યપ્રતિભાને યોગ્ય દિશા આપવાનું કાર્ય સંત મુક્તાનંદજીના સાન્નિધ્યમાં થયું, તેમના માર્ગદર્શનથી કાગબાપુએ આધ્યાત્મિક જ્ઞાન અને પિંગળશાસ્ત્રનો અભ્યાસ કર્યો, ત્યારબાદ તેમની કાવ્યપ્રતિભા વધુ ખીલી ઊઠી, તેઓ દુહા, છંદ, ભજન, સોરઠા અને લોકગીતો દ્વારા લોકોના હૃદય સુધી પહોંચ્યા હતા.

કાગવાણી: લોકહૃદયમાં વસેલું અમર સાહિત્ય..

કાગબાપુની સૌથી જાણીતી સાહિત્યિક કૃતિ 'કાગવાણી' છે, તેના આઠ ભાગોમાં તેમની વિવિધ રચનાઓનો સમાવેશ થાય છે, આ ઉપરાંત 'વિનોબા બાવની', 'તો ઘર જાશે, જાશે ધરમ, 'શક્તિ ચાલીસા', 'ગુરુ મહિમા', 'ચન્દ્ર બાવની' અને 'સોરઠ બાવની' જેવી કૃતિઓ પણ જાણીતી છે. તેમની રચનાઓમાં રામાયણ અને મહાભારતના પ્રસંગો, ભક્તિ, ધર્મ, નીતિ, માનવતા, વીરતા, રાષ્ટ્રપ્રેમ, સમાજ જાગૃતિ અને જીવનમૂલ્યોનું સુંદર નિરૂપણ જોવા મળે છે. કાગબાપુની વિશેષતા એ હતી કે તેઓ અઘરા આધ્યાત્મિક વિચારોને પણ સામાન્ય માણસ સમજી શકે તેવી સરળ લોકબોલીમાં રજૂ કરતા. તેમની કવિતામાં શબ્દોની ચમક કરતાં ભાવની ઊંડાઈ વધારે હતી. તેઓ માત્ર મનોરંજન માટે કવિતા નહોતા લખતા પરંતુ માણસના અંતરમાં સદ્‌વિચાર અને સદાચારનું બીજ રોપવા માટે લખતા હતા. તેમની વાણીમાં ગામડાની માટીની સુગંધ લોક જીવનની સાદગી અને આધ્યાત્મિકતાની પવિત્રતા અનુભવાય છે, તેથી



જ તેમની રચનાઓ આજે પણ લોકગાયકોના કંઠે ગવાય છે અને શ્રોતાઓને જીવન વિશે વિચારતા કરે છે.

ગાંધીવિચાર અને ભૂદાન આંદોલનમાં યોગદાન..

કાગબાપુના જીવનમાં રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાનું પણ વિશેષ સ્થાન હતું. મહાત્મા ગાંધીજીના વિચારો અને વિનોબા ભાવેના ભૂદાન આંદોલનથી તેઓ પ્રભાવિત થયા હતા, તેમણે માત્ર કવિતામાં જ સમાજ સેવાનો સંદેશ આપ્યો નહોતો પરંતુ પોતાના જીવનમાં પણ ત્યાગ અને દાનનો આદર્શ રજૂ કર્યો હતો. ભૂદાન આંદોલન દરમિયાન તેમણે પોતાની જમીન અને ખેતીનાં સાધનોમાંથી મોટો હિસ્સો સમાજહિત માટે અર્પણ કર્યો હતો. તેમણે ૫૦ વીઘાં જમીન ઉપરાંત હળ, બળદ, અનાજ અને ઘાસનું પણ દાન કર્યું હતું. આ દાન પાછળ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પ્રત્યેની તેમની સંવેદના રહેલી હતી. ભૂદાનની ભાવનાથી પ્રેરાઈને તેમણે અનેક રચનાઓ પણ કરી હતી. આ ઘટના આપણને સમજાવે છે કે સાચી ભક્તિ માત્ર પ્રાર્થના કે ભજન પૂરતી સીમિત નથી. બીજાના દુઃખને સમજવું જરૂરિયાતમંદને મદદ કરવી અને પોતાની શક્તિ પ્રમાણે સમાજને કંઈક પાછું આપવું એ પણ ભક્તિનું જ સ્વરૂપ છે.

સામાજિક સમરસતા અને માનવતાનો સંદેશ..

કાગબાપુની રચનાઓમાં માનવતા અને સમાનતાનો ભાવ વિશેષ રીતે જોવા મળે છે, તેઓ સમાજમાં રહેલા ભેદભાવ અંધશ્રદ્ધા વ્યસન અને કુરિવાજો સામે પોતાની વાણી દ્વારા જાગૃતિ ફેલાવતા હતા. તેમના મતે માણસની સાચી ઓળખ તેની જાતિ સંપત્તિ કે સામાજિક હોદ્દાથી નહીં પરંતુ તેના આચરણ અને માનવતાથી થવી જોઈએ. કોઈ વ્યક્તિને નાનો કે મોટો માનવાને બદલે દરેક માનવીમાં રહેલા માનવ મૂલ્યોને ઓળખવા જોઈએ. તેઓ ગામડાંના સામાન્ય લોકોની ભાષામાં વાત કરતા હોવાથી તેમનો સંદેશ સીધો લોકોના હૃદય સુધી પહોંચતો. તેમની કવિતા લોકજાગૃતિનું સાધન બની હતી. તેઓ સમજતા હતા કે સમાજમાં પરિવર્તન લાવવા માટે માત્ર ઉપદેશ પૂરતો નથી, પોતાના જીવનથી ઉદાહરણ પૂરું પાડવું પણ એટલું જ જરૂરી છે.

સાદગીસંયમ અને સંતસ્વભાવ..

કાગબાપુનું વ્યક્તિત્વ તેમની કવિતા જેટલું જ પ્રેરણાદાયી હતું. અસાધારણ કાવ્યપ્રતિભા અને લોકપ્રિયતા હોવા છતાં તેમનામાં અહંકાર નહોતો, તેઓ પોતાને સામાન્ય ગોપાલક અને ઈશ્વરની કૃપાથી મળેલી વાણીના સેવક માનતા હતા. તેમના જીવનમાંથી કેટલીક મહત્ત્વપૂર્ણ શીખ આપણને મળે છે.

સાદગીમાં મહાનતા માણસનું મૂલ્ય તેના વૈભવથી નહીં પરંતુ તેના વિચારો અને વર્તનથી નક્કી થાય છે.

વાંચન અને ચિંતનનું મહત્ત્વ: જીવનમાં જ્ઞાન મેળવવા માટે સતત જિજ્ઞાસુ રહેવું જોઈએ. પરિસ્થિતિ ગમે તેવી હોય, સારા વિચારોનો સંગાથ છોડવો નહીં.

વ્યસનથી દૂર રહેવું: સાચો મિત્ર એ છે જે આપણને ખોટા માર્ગે લઈ જવાને બદલે સારા માર્ગે દોરી જાય.

દાન અને પરોપકાર: પોતાની પાસે જે કંઈ છે તેમાંથી જરૂરિયાતમંદ માટે કંઈક અર્પણ કરવાની ભાવના કેળવવી જોઈએ.

ભક્તિ સાથે કર્મ: ઈશ્વરનું સ્મરણ કરવું અને સાથે સાથે પોતાની ફરજ તથા સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી જોઈએ.

વાણીનો સદુપયોગ: શબ્દોનો ઉપયોગ કોઈને દુઃખ પહોંચાડવા માટે નહીં પરંતુ પ્રેરણાજાગૃતિ અને સદ્‌ભાવ ફેલાવવા માટે કરવો જોઈએ.

સન્માન અને અમર વારસો..

કાગબાપુની સાહિત્યસેવા અને લોકજાગૃતિના કાર્યની કદરરૂપે ભારત સરકારે વર્ષ ૧૯૬૨માં તેમને 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કર્યા હતા, તેમના સન્માનમાં ૨૫ નવેમ્બર, ૨૦૦૪ના રોજ ભારત સરકારના ટપાલ વિભાગે પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી, તેમના નામે આપવામાં આવતો 'કવિ કાગ એવોર્ડ' લોકસાહિત્ય અને ચારણી સાહિત્યની પરંપરાને પ્રોત્સાહન આપે છે. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૭૭ના રોજ મજાદર ખાતે તેમનું અવસાન થયું પરંતુ સાચા સર્જકનું જીવન તેના શરીર પૂરતું સીમિત રહેતું નથી, તેના વિચારો રચનાઓ અને સંસ્કારો આવનારી પેઢીઓમાં જીવંત રહે છે. કાગબાપુની વાણી આજે પણ લોકહૃદયમાં ગુંજે છે અને તેમની રચનાઓમાંથી નવી પેઢીને જીવન જીવવાની પ્રેરણા મળે છે.

કાગબાપુની વાણીમાં જીવનનો પ્રકાશ..

કવિ કાગબાપુનું જીવન આપણને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે કે માણસે માત્ર પોતાના માટે જ નહીં પરંતુ સમાજ અને માનવતાના કલ્યાણ માટે પણ જીવવું જોઈએ. ભક્તિનો સાચો અર્થ જીવનમાં સદાચાર, સેવા, દયા, કરૂણા, પરોપકાર અને સમરસતાને સ્થાન આપવું છે. તેમણે સાબિત કર્યું કે સાહિત્ય ત્યારે જ સાચા અર્થમાં મહાન બને છે જ્યારે તે માણસના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે. તેમની વાણીમાં ભક્તિ હતી, વિચારોમાં લોકહિત હતું અને જીવનમાં ત્યાગ તથા સાદગી હતી. આજે જ્યારે સમાજ અનેક પ્રકારના ભેદભાવ સ્વાર્થ અને માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે કાગબાપુના વિચારો વધુ પ્રસ્તુત બને છે, તેમની જન્મજયંતિએ આપણે માત્ર તેમની પ્રતિમાને કે તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરીને અટકી ન જઈએ પરંતુ તેમના જીવનમાંથી એકાદ સદ્‌ગુણને આપણા વ્યવહારમાં ઉતારવાનો સંકલ્પ કરીએ. કાગબાપુની સાચી જન્મજયંતિની ઉજવણી ત્યારે જ સાર્થક બનશે જ્યારે તેમની વાણીનો પ્રકાશ આપણા વિચારોમાં અને તેમની માનવતાની ભાવના આપણા આચરણમાં પ્રગટશે. પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગબાપુને જન્મજયંતિ નિમિત્તે કોટિ કોટિ વંદન અને ભાવભરી શ્રદ્ધાંજલિ.

૮ વર્ષની લાંબી મુસાફરી બાદ બેપીકોલંબો(BepiColombo) બુધ ગ્રહની ભ્રમણકક્ષામાં પહોંચ્યું

૮ વર્ષ, ૧૦ અબજ કિલોમીટરની મુસાફરી અને 427°C ગરમી વચ્ચે બે અવકાશયાન આખરે બુધ ગ્રહ પર પહોંચ્યા: યુરોપ અને જાપાનનું સંયુક્ત મિશન, બેપીકોલંબો છે બુધ ગ્રહ પર પહોંચવાનું આ માત્ર ત્રીજું મિશન છે

યુરોપિયન સ્પેસ એજન્સી અને જાપાનની સ્પેસ એજન્સીનું સંયુક્ત અવકાશ મિશન 'બેપીકોલંબો'એ ૮ વર્ષની અને ૧ કરોડ કિલોમીટરથી વધુની મુસાફરી બાદ આખરે સૂર્યની સૌથી નજીક અને આપણા સૌરમંડળના સૌથી નાના ગ્રહ બુધ ગ્રહ પર અવકાશયાનની જોડી આખરે પહોંચી ગઈ છે અને હવે બુધ ગ્રહની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ પણ કરી લીધો છે. બે અવકાશયાન ૨૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ બુધની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યા છે.

સૂર્યના અત્યંત પ્રબળ ગુરુત્વાકર્ષણને કારણે બુધ તરફ જતા યાનની ગતિ ખૂબ વધી જાય છે. આ ગતિને ધીમી પાડવા માટે બેપીકોલંબોએ ૮ વર્ષમાં પૃથ્વીની ૧, શુક્રની ૨ અને બુધની ૬ વખત પ્રદક્ષિણા (ફ્લાયબાય) કરવી પડી હતી. હાલમાં બંને અવકાશયાન એકબીજા સાથે જોડાયેલા છે, જે ૯ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ની વચ્ચે અલગ થશે અને બુધની આસપાસ પોતપોતાની અલગ ભ્રમણકક્ષામાં ગોઠવાશે અને સૌરમંડળના સૌથી નાના તથા સૌથી સૂર્યની નજીકના ગ્રહને એકસાથે બે અલગ ઊંચાઈઓથી અભ્યાસ કરશે.

ESA (યુરોપીય સ્પેસ એજન્સી) અને JAXA (જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી)ના બેપીકોલંબો મિશને ૨૧ નવેમ્બરે બુધની ગુરુત્વાકર્ષણ પકડમાં આવવા માટે લગભગ ૩૭ મિનિટ સુધી એન્જિન ચલાવ્યાં હતાં. ત્યારબાદ જર્મનીમાં સ્થિત ફ્લાઈટકંટ્રોલ ટીમે ઘણા કલાકો સુધી ડેટાનું વિશ્લેષણ કરીને ઓર્બિટલ કેપ્ચર પૂર્ણ થયું તેની પુષ્ટિ કરી.

આ મિશનમાં બે વૈજ્ઞાનિક અવકાશયાન છે. ૧. MPO (Mercury Planetary Orbiter), ESAનું યુરોપીય અવકાશયાન, જે બુધની સપાટી, રચના અને પર્યાવરણનું અભ્યાસ કરશે અને ૨. મીઓ, JAXAનું જાપાની અવકાશયાન, જે બુધના ચુંબકીય ક્ષેત્ર અને અવકાશ વાતાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

બેપીકોલંબો ૨૦૧૮માં પૃથ્વીથી છૂટ્યો હતો. બુધ સૂર્યની ખૂબ નજીક હોવાથી ત્યાં સીધી ઉડાન મુશ્કેલ છે. સૂર્યના મોટા ગુરુત્વાકર્ષણને કારણે અવકાશયાનની ઝડપ ઘટાડવાની જરૂર પડે છે. તેથી તેને ઘણા ગ્રહોની નજીકથી ફ્લાયબાય કરાવીને ધીમે ધીમે બુધ તરફ મોકલવામાં આવ્યો.

બુધ સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે, તેથી ત્યાં દિવસનું તાપમાન 427°C થી 430°C સુધી પહોંચી જાય છે, જ્યારે રાત્રે તે -180°C સુધી ગગડી જાય છે. આ ભયંકર ગરમીથી બચવા માટે યાન પર ખાસ હીટશીલ્ડ અને સનશીલ્ડ લગાવવામાં આવ્યા છે. તેની ગુરુત્વાકર્ષણ શક્તિ પણ ઓછી છે, જેના કારણે અવકાશયાનને ત્યાં સ્થિર કક્ષામાં પકડવું ખાસ જટિલ બને છે. બેપીકોલંબોએ બુધની દક્ષિણ ધ્રુવ તરફ અભિગમન કરીને તેના ચાર થ્રસ્ટર ચાલુ કર્યા, જેથી ઝડપ ઘટી અને બુધની ધ્રુવીય કક્ષામાં પ્રવેશ શક્ય બન્યો. હાલમાં બંને અવકાશયાન હજી જોડાયેલા છે. ૯-૧૦ ડિસેમ્બરે તેઓ અલગ થશે, પછી Mio લગભગ ૫૦૦ થી ૧૧,૦૦૦ કિમીની ઊંચાઈની કક્ષામાં અને MPO ધીમે ધીમે ૪૦૦થી ૧,૫૦૦ કિમીની કક્ષામાં જશે. આ પછી બંને અવકાશયાન એક જ સમયે બુધની આસપાસ ફરતા પ્રથમ મિશન બનશે. તેઓ ગ્રહની સપાટી, ચુંબકીય ક્ષેત્ર, અંતરીય રચના અને સૂર્યની નજીકના કઠોર વાતાવરણનું વિગતવાર નિરીક્ષણ કરશે. તેનું નામ પ્રખ્યાત ઇટાલિયન ગણિતશાસ્ત્રી અને અવકાશ વૈજ્ઞાનિક જ્યુસેપ્પે બેપીકોલંબો પરથી રાખવામાં આવ્યું છે, જેમણે ગ્રહ-ફ્લાયબાય તકનીકમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. બે પ્રોબ્સ, એક યુરોપિયન અને બીજું જાપાની, હાલમાં જોડાયેલા છે. આવતા મહિને, તેઓ અલગ થશે અને વિવિધ ઊંચાઈઓથી બુધનો નકશો બનાવશે અને અભ્યાસ કરશે.



વિજ્ઞાન જગત


લેખક: દીપક જગતાપ

નિવાસ: 'ઋધાર્થ', મહેતા કોમ્પલેક્ષ પાસે, સંતોષ ચાર રસ્તા, રાજપીપળા - ૩૯૩૧૪૫. (જિ.નર્મદા)

(મો.૯૯૮૮૭ ૯૬૫૨૭)

(Email : deepakjagtap3@gmail.com)

મિશનના મુખ્ય વૈજ્ઞાનિક ગેરેન્ટ જોન્સના જણાવ્યા અનુસાર, બંને પ્રોબ એકસાથે વિવિધ સ્થળોએથી ડેટા એકત્રિત કરશે, જેનાથી વૈજ્ઞાનિકો અભૂતપૂર્વ રીતે ઘટનાની તુલના અને સમજ કરી શકશે. વધુમાં, પ્રોબ્સ બુધના ગાઢ આંતરિક, બાહ્ય ચુંબકીય ક્ષેત્ર, જ્વાળામુખીના મેદાનો, ખાડાઓ અને ૪.૫ કિલોમીટર (૩ માઇલ) ઊંચા પર્વત શિખરોની તપાસ કરશે. બંને યાનના ઉપકરણો એપ્રિલ ૨૦૨૭ થી સંપૂર્ણપણે કામ કરવાનું શરૂ કરશે. યુરોપિયન યાન બુધની સપાટી, તેના વિશાળ લોખંડના ગર્ભ (કોર) અને ખાડાઓનો અભ્યાસ કરશે, જ્યારે જાપાની યાન ગ્રહના ચુંબકીય ક્ષેત્ર અને પાતળા વાતાવરણ પર સંશોધન કરશે.



રસપ્રદ વાત એ છે કે, ૨૦૧૮માં તેના પ્રક્ષેપણ પછી, બેપીકોલંબોએ સીધા માર્ગને બદલે ચક્રીય માર્ગ અપનાવ્યો. ગ્રહોના ગુરુત્વાકર્ષણ ખેંચાણનો ઉપયોગ કરવા માટે, તે પૃથ્વી પરથી એક વખત, શુક્રથી બે વાર અને બુધથી છ વખત પસાર થયું. આમ, અવકાશયાન ૧૦ અબજ કિલોમીટરથી વધુનું અંતર કાપ્યું. અંતિમ તબક્કા પહેલા તે તેના મધરશિપથી પણ અલગ થઈ ગયું.

બુધ ગ્રહની સપાટી પર તાપમાન ૪૨૭ ડિગ્રી સેલ્શિયસ સુધી પહોંચી શકે છે તે ધ્યાનમાં લેતા આ સમજી શકાય તેવું છે. આવી તીવ્ર ગરમીમાં ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને એન્જિનિયરિંગ સિસ્ટમોને સુરક્ષિત અને ઠંડી રાખવી એ વૈજ્ઞાનિકો માટે એક મોટો ટેકનિકલ પડકાર છે. એજન્સીઓ ઓછામાં ઓછા એક પૃથ્વી વર્ષ (ચાર બુધ વર્ષ સમકક્ષ) માટે મિશન ચાલુ રાખવાનું લક્ષ્ય રાખે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છે કે પૃથ્વીની સાપેક્ષ નજીક હોવા છતાં, બુધ ગ્રહ પ્રમાણમાં અજાણ છે. આપણા સૌરમંડળમાં, ૧૯૮૦ના દાયકામાં વોયેજર ૨ કરતા ઓછા અવકાશયાનોએ ફક્ત યુરેનસ અને નેપ્ચ્યુનની મુલાકાત લીધી છે. આ પહેલા, ૧૯૭૦ના દાયકામાં નાસાના મરીનર ૧૦ એ ત્રણ વખત બુધની આસપાસ ઉડાન ભરી હતી. આ ટીમમાં ઇટાલિયન ગણિતશાસ્ત્રી જિયુસેપ બેપીકોલંબો શામેલ હતા, જેમના નામ પરથી આ મિશનનું નામ રાખવામાં આવ્યું છે. ત્યારબાદ નાસાનું મેસેન્જર ૨૦૧૧માં બુધ ગ્રહની ભ્રમણકક્ષામાં પહોંચ્યું અને ૨૦૧૫માં બળતણ ખતમ થઈ જતાં ગ્રહની સપાટી પર ક્રેશ થયું.

સ્પોર્ટ્સ ન્યુઝ

વૈભવ સૂર્યવંશીનો ઐતિહાસિક ધમાકો

૨૮ છગ્ગા, ૫૨ બોલમાં બેવડી સદી, ૧૪.૨ ઓવરમાં ભારતની શાનદાર જીત

૧૫ વર્ષના વૈભવે ક્રિકેટ જગતમાં રચ્યો ઇતિહાસ, ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી ફટકારી તોડ્યા અનેક વિશ્વ રેકોર્ડ



(સંપૂર્ણ સમાચાર સેવા)

કતાર,તા.૨૪ : ક્રિકેટના મેદાન પર ૧૫ વર્ષના ભારતીય યુવા બેટર વૈભવ સૂર્યવંશીએ એવો કારનામો કરી બતાવ્યો છે કે આખી દુનિયા તેની ચર્ચા કરી રહી છે. ACC મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬માં UAE સામે રમાયેલી મેચમાં વૈભવે રેકોર્ડની હારમાળા સર્જી હતી. તેણે માત્ર ૨૮ બોલમાં સદી અને ૫૨ બોલમાં બેવડી સદી પૂરી કરીને લિસ્ટ-A ક્રિકેટમાં નવો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે.

વૈભવે માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રનની તોફાની ઇનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૨૮ ગગનચુંબી છગ્ગા અને ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. તેની સ્ટ્રાઇક રેટ ૩૮૪.૯૦ રહી હતી.

દોહાના યુનિવર્સિટી ઓફ દોહા ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારત-A અને UAE વચ્ચે મુકાબલો રમાયો હતો. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૨૪૯ રન બનાવ્યા હતા. ૨૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ તરફથી વૈભવે શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરી હતી.

તેણે માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. ત્યારબાદ ૨૮ બોલમાં સદી ફટકારી હતી. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મેકગર્કનો ૨૯ બોલમાં સદીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. વૈભવ અહીં જ અટક્યો નહોતો. તેણે માત્ર ૫૨ બોલમાં ૨૦૦ રન પૂરા કરીને લિસ્ટ-A ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદીનો વિશ્વવિક્રમ પણ પોતાના નામે કર્યો હતો. આખરે ૫૩ બોલમાં ૨૦૪ રન બનાવીને તે આઉટ થયો હતો. વૈભવની આ ઇનિંગની સૌથી આશ્ચર્યજનક વાત તેના ૨૮ છગ્ગા હતા. આ સાથે તેણે પ્રોફેશનલ ક્રિકેટની એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. આ પહેલાં તન્મય અગ્રવાલે ૨૬ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. વૈભવે ૨૮ છગ્ગા ફટકારીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

વૈભવે પ્રથમ ઓવરથી જ UAEના બોલરો સામે આક્રમક બેટિંગ શરૂ કરી હતી. તેણે પ્રથમ ઓવરમાં સતત ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. બીજી ઓવરમાં પણ બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ બાસિલ હમીદની ઓવરમાં વધુ ત્રણ છગ્ગા ફટકારીને માત્ર ૧૬ બોલમાં અડધી સદી પૂરી કરી હતી.

સદી અને બેવડી સદી પૂરી કર્યા બાદ પણ તેનો આક્રમક અંદાજ યથાવત રહ્યો હતો. આખરે UAEના કેપ્ટન બાસિલ હમીદે તેની વિકેટ મેળવી હતી. UAEએ પ્રથમ બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ભારત-Aએ વૈભવની ઐતિહાસિક ઇનિંગની મદદથી માત્ર ૧૪.૨ ઓવરમાં ૩ વિકેટે ૨૫૪ રન બનાવીને ૭ વિકેટે શાનદાર જીત મેળવી હતી.

વૈભવ સૂર્યવંશીની આ ઇનિંગ માત્ર એક મેચની જીત નથી, પરંતુ લિસ્ટ-A ક્રિકેટના રેકોર્ડબુકમાં નોંધાયેલી ઐતિહાસિક સિદ્ધિ બની ગઈ છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે આટલી મોટી ઇનિંગ રમીને તેણે ભારતીય ક્રિકેટમાં પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે

તૂટ્યા આ મોટા ક્રિકેટ રેકોર્ડ

સૌથી ઝડપી લિસ્ટ-A સદી: ૨૮ બોલમાં સદી.
સૌથી ઝડપી લિસ્ટ-A બેવડી સદી: ૫૨ બોલમાં ૨૦૦ રન.
એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા: ૨૮ છગ્ગા.
વ્યક્તિગત સ્કોર: માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રન.
ચોગ્ગા: ૭.

દિલ્હીના પોલીસ સ્ટેશનમાં જ લોહિયાળ હુમલો! આરોપીએ ચપ્પુથી ૯ પોલીસકર્મીઓને ઘાયલ કર્યા

માતા અને બહેન સાથે જોડાયેલી ફરિયાદમાં પૂછપરછ માટે બોલાવેલા નબીલે પોલીસકર્મીઓ પર કર્યો હુમલો, 3ની હાલત ગંભીર



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૪

દેશની રાજધાની દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જામા મસ્જિદ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવવામાં આવેલા એક આરોપીએ અચાનક પોલીસકર્મીઓ પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં કુલ ૯ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ઘટનાને પગલે પોલીસ વિભાગમાં અફરાતફરી મચી ગઈ હતી. હુમલા બાદ ફરાર થયેલા આરોપીને પોલીસે હાફ એન્કાઉન્ટર બાદ ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, નબીલ નામના શખ્સ વિરુદ્ધ તેની માતા અને બહેનને પરેશાન કરવાની ફરિયાદ મળી હતી. આ ફરિયાદના આધારે દિલ્હી પોલીસે તેને ૨૪ નવેમ્બરના રોજ જામા મસ્જિદ પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવ્યો હતો.

પોલીસ સ્ટેશનમાં પૂછપરછ ચાલી રહી હતી ત્યારે નબીલે અચાનક ચપ્પુ કાઢીને પોલીસકર્મીઓ પર હુમલો કરી દીધો હતો. આ હુમલામાં બે સર્કલ ઇન્સ્પેક્ટર, બે હેડ કોન્સ્ટેબલ અને એક એએસઆઈ સહિત પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

પોલીસકર્મીઓ પર હુમલો કર્યા બાદ આરોપી નબીલ ટૂ-વ્હીલર લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. પોલીસની ટીમ જ્યારે તેને પકડવા પહોંચી ત્યારે આરોપીએ ફરીથી હુમલો કર્યો હતો. આ દરમિયાન અન્ય ચાર પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. આમ, બંને ઘટનાઓમાં કુલ ૯ પોલીસકર્મીઓને ઈજા પહોંચી હતી.

ઘાયલ પોલીસકર્મીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણ પોલીસકર્મીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે અને તેમને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય બે પોલીસકર્મીઓને સંજીવની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ઘટના બાદ પોલીસે કાર્યવાહી કરીને આરોપી નબીલને હાફ એન્કાઉન્ટર બાદ ઝડપી પાડ્યો હતો. હાલ તેની ધરપકડ કરવામાં આવી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ સ્ટેશન જેવા સુરક્ષિત સ્થળે જ પોલીસકર્મીઓ પર થયેલા આ હુમલાએ દિલ્હીમાં ચકચાર મચાવી છે.

લંચ અને ડિનરમાં પણ વિકલ્પો ઘટ્યા

વંદે ભારત ટ્રેનમાં હવે ઓછું મળશે ભોજન, IRCTCએ મેનૂ ઘટાડ્યું

નાસ્તાથી ડિનર સુધી અનેક વાનગીઓ દૂર, ભોજનનું કુલ વજન ૭૦૦ ગ્રામથી ઘટીને ૫૦૦ ગ્રામ થયું



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૪

વંદે ભારત સ્લીપર ટ્રેનમાં મુસાફરોને પીરસાતા ભોજનમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. IRCTCએ ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા સુધારવા માટે મેનૂને ટૂંકું કરવાનો પ્રયોગ શરૂ કર્યો છે. આ વ્યવસ્થા હાલમાં ત્રણ વંદે ભારત સ્લીપર રૂટ પર પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં છે. નવી વ્યવસ્થાનો હેતુ વાનગીઓની સંખ્યા ઘટાડીને ઉપલબ્ધ ભોજનની ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

૧ નવેમ્બરથી શરૂ થયેલી આ નવી વ્યવસ્થાનું પરીક્ષણ મુંબઈ–બેંગલુરુ, હાવડા–કામાખ્યા અને નવી દિલ્હી–વારાણસી જંક્શન રૂટ પર કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુસાફરોના પ્રતિસાદનું સતત મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. જો પરિણામો સારા રહેશે તો અન્ય લાંબા અંતરની ટ્રેનોમાં પણ મર્યાદિત મેનૂની વ્યવસ્થા લાગુ થઈ શકે છે.

મુંબઈ–બેંગલુરુ વંદે ભારત સ્લીપરના નવા મેનૂમાં નાસ્તા માટે ત્રણ મુખ્ય વિકલ્પ રાખવામાં આવ્યા છે. મુસાફરો ઈડલી-વડા સાથે ચટણી અને સાંભાર, પૌંઆ અથવા ઉપમામાંથી પસંદગી કરી શકશે.

અગાઉના મેનૂમાંથી સૂપ, ઈંડાની ઓમલેટ, ઓમલેટ સેન્ડવીચ અને વેજીટેબલ સેન્ડવીચ જેવા વિકલ્પો દૂર કરવામાં આવ્યા છે. છાશ અને ચોકલેટનો પણ નાસ્તાના મેનૂમાંથી સમાવેશ હટાવવામાં આવ્યો છે.

બપોરના અને રાત્રિના ભોજનમાં હવે રોટલી, ભાત, દાળ અને એક મુખ્ય વાનગી આપવામાં આવશે. મુખ્ય વાનગીમાં મુસાફરોને શાકાહારી અથવા ચિકન વિકલ્પ પસંદ કરવાની સુવિધા રહેશે. સૂકા શાક, દહીં, સલાડ, અથાણાં અને મીઠાઈ જેવા કેટલાક વિકલ્પો પણ અગાઉના મેનૂની સરખામણીએ દૂર કરવામાં આવ્યા છે.

મેનૂ ટૂંકું થવાની સાથે ભોજનનું કુલ વજન પણ ઘટ્યું છે. અગાઉ એક ભોજનનું કુલ વજન આશરે ૭૦૦થી ૭૫૦ ગ્રામ હતું, જે હવે લગભગ ૪૫૦થી ૫૦૦ ગ્રામ કરવામાં આવ્યું છે. જોકે, IRCTCનું કહેવું છે કે વ્યક્તિગત વાનગીઓની પોર્શન સાઈઝમાં ઘટાડો કરવામાં આવ્યો નથી. કુલ વજનમાં ઘટાડો મુખ્યત્વે વાનગીઓની સંખ્યા ઓછી થવાને કારણે થયો છે.

IRCTCએ વંદે ભારત સ્લીપર ટ્રેનો માટે મોટા ક્લાઉડ કિચન અને કેન્દ્રીય રસોડા સાથે ભાગીદારી કરી છે. કામાખ્યા રૂટ માટે મેફેર ગ્રુપ, હાવડા રૂટ માટે TajSATS અને અન્ય વંદે ભારત સ્લીપર ટ્રેનો માટે સરોવર પોર્ટિકો ગ્રુપ સાથે ભાગીદારી કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

IRCTCના જણાવ્યા અનુસાર, ક્લાઉડ કિચન મોડલ શરૂ થયા બાદ ભોજન સંબંધિત ફરિયાદોમાં આશરે ૧૦%નો ઘટાડો નોંધાયો છે. તાજેતરના વર્ષોમાં વંદે ભારત સહિતની લાંબા અંતરની ટ્રેનોમાં ઠંડું અથવા વાસી ભોજન તેમજ ભોજનમાં જીવાત મળવાની ફરિયાદો સામે આવી હતી.

IRCTCનું માનવું છે કે મર્યાદિત મેનૂથી રસોડાની વ્યવસ્થા સરળ બનશે અને ઓછી વાનગીઓ પર ગુણવત્તા નિયંત્રણ વધુ અસરકારક રીતે કરી શકાશે. હાલ આ યોજના પ્રાયોગિક તબક્કામાં છે. મુસાફરોના પ્રતિસાદ અને ફરિયાદોના આંકડાના આધારે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

જો પાયલોટ પ્રોજેક્ટ સફળ રહે છે, તો વંદે ભારત ઉપરાંત અન્ય લાંબા અંતરની પ્રીમિયમ ટ્રેનોમાં પણ મર્યાદિત મેનૂની વ્યવસ્થા વિસ્તારી શકાય છે.

પાકિસ્તાનમાં નવા પ્રાંતોની દરખાસ્ત સામે સિંધમાં ઉગ્ર વિરોધ

(સંપૂર્ણ સમાચાર સેવા)

કરાચી, તા.૨૪

પાકિસ્તાનમાં નવા પ્રાંતોની રચનાની ચર્ચા વચ્ચે સિંધ પ્રાંતમાં રાજકીય તણાવ વધી રહ્યો છે. સિંધના ભાગલા પાડવાની કોઈપણ યોજના સામે કરાચીમાં હજારો સિંધ રાષ્ટ્રવાદીઓએ રસ્તા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શન દરમિયાન 'સિંધુદેશ'ની સ્વતંત્રતાના સમર્થનમાં નારા પણ લગાવવામાં આવ્યા હતા.

કરાચીમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો રંગબેરંગી બસોમાં પહોંચ્યા હતા. ઘણા પ્રદર્શનકારીઓ પરંપરાગત સિંધિ અજરક અને ટોપી પહેરીને વિરોધમાં જોડાયા હતા. સિંધના રાષ્ટ્રવાદી સંગઠનોએ સ્પષ્ટ કર્યું હતું કે, પ્રાંતની અખંડિતતા સાથે કોઈ સમાધાન સ્વીકારવામાં આવશે નહીં. પાકિસ્તાનમાં નાના વહીવટી એકમો બનાવવા અંગે સરકાર તરફથી ચર્ચા શરૂ થયા બાદ આ મુદ્દો રાજકીય રીતે સંવેદનશીલ બન્યો છે. ગૃહમંત્રી મોહસિન નકવીએ નવા વહીવટી એકમોની રચના અંગે જનમત સંગ્રહની શક્યતાનો ઉલ્લેખ કર્યો હતો.

પાકિસ્તાનના આયોજન મંત્રી અહસાન ઇકબાલે પણ હાલના ચાર પ્રાંતોની સંખ્યા વધારીને ૧૨થી ૧૫ કરવાની ચર્ચા કરી છે. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ૨૦૨૬ના અંત સુધીમાં જનમત સંગ્રહ અંગેની ચર્ચા વધુ સ્પષ્ટ બની શકે તેવી વાત કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ પણ સિંધના ભાગલા પાડવાના કોઈપણ પ્રયાસનો વિરોધ કર્યો છે. તેમણે ફેડરલ સરકારને ચેતવણી આપતાં કહ્યું હતું કે આવા પ્રયાસોથી પ્રાંતમાં ગંભીર રાજકીય અને સામાજિક તણાવ ઊભો થઈ શકે છે.

સિંધના કેટલાક રાષ્ટ્રવાદી સંગઠનોનો આરોપ છે કે પંજાબ-કેન્દ્રિત સત્તા વ્યવસ્થા સિંધની જમીન, કુદરતી સંસાધનો અને રાજકીય હિતો પર વધુ નિયંત્રણ મેળવવા માગે છે. JSMM સહિતના સંગઠનોએ પંજાબના આર્થિક બહિષ્કારની પણ વાત કરી છે.

'સિંધુદેશ'ની વિચારધારા સિંધ માટે અલગ અને સ્વતંત્ર રાષ્ટ્રની માંગ સાથે જોડાયેલી છે. આ વિચારને સિંધના રાષ્ટ્રવાદી નેતા જી.એમ. સૈયદ સાથે પણ જોડવામાં આવે છે.

આ વિરોધ મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યો હોવા છતાં આગામી દિવસોમાં તણાવ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ૨૯ નવેમ્બરે કરાચીમાં સિંધ રાષ્ટ્રવાદીઓની મોટી રેલી યોજાવાની છે.

RBIએ ત્રણ મોટી બેંકોને યાદીમાં રાખી

SBI, HDFC અને ICICI બેંક ફરી 'Too Big To Fail' યાદીમાં સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ વર્ષ 2026 માટે દેશની ડોમેસ્ટિક સિસ્ટમિકલી ઈમ્પોર્ટન્ટ બેંક્સ (D-SIBs)ની યાદી જાહેર કરી છે. આ યાદીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), HDFC બેંક અને ICICI બેંકને ફરીથી સામેલ કરવામાં આવી છે. આ ત્રણેય બેંકોને 'Too Big To Fail' એટલે કે એટલી મોટી બેંકો ગણવામાં આવે છે કે તેમની નિષ્ફળતાની અસર સમગ્ર દેશની નાણાકીય વ્યવસ્થા અને અર્થતંત્ર પર પડી શકે છે.

RBI દ્વારા 23 નવેમ્બરે જાહેર કરાયેલી યાદીમાં ત્રણેય બેંકોનું સ્થાન ગયા વર્ષની જેમ જ યથાવત રાખવામાં આવ્યું છે. એટલે કે આ વર્ષે કોઈ નવી બેંકનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને કોઈ બેંકને યાદીમાંથી બહાર પણ કરવામાં આવી નથી.

RBIના વર્ગીકરણ મુજબ SBIને બકેટ-4માં રાખવામાં આવી છે. આ બેંકે પોતાના રિસ્ક વેઇટેડ એસેટ્સના 0.80 ટકા વધારાની કોમન ઇક્વિટી ટિયર-1 (CET1) મૂડી જાળવી રાખવી પડશે. જ્યારે HDFC બેંકને બકેટ-2માં રાખવામાં આવી છે અને તેના માટે આ વધારાની મૂડીની જરૂરિયાત 0.40 ટકા નક્કી કરવામાં આવી છે.તેવી જ રીતે ICICI બેંકને બકેટ-1માં સ્થાન મળ્યું છે. આ બેંકે રિસ્ક વેઇટેડ એસેટ્સના 0.20 ટકા વધારાની CET1 મૂડી જાળવવી પડશે. આ વધારાની મૂડીની જરૂરિયાત બેંકો માટે પહેલેથી લાગુ પડતા કેપિટલ કન્ઝર્વેશન બફર ઉપરાંત રહેશે. RBIના વર્ગીકરણમાં બકેટ-3 અને બકેટ-5માં આ વર્ષે કોઈ બેંકને સ્થાન મળ્યું નથી. D-SIBનો દરજ્જો એવી બેંકોને આપવામાં આવે છે, જેમનું કદ, નાણાકીય વ્યવસ્થા સાથેનું જોડાણ, કામગીરીની જટિલતા અને અન્ય બેંકો દ્વારા તેમની સેવાઓનું સ્થાન લઈ શકવાની ક્ષમતા ઓછી હોવાને કારણે તેમનું મહત્વ વધારે હોય છે. આવી બેંકની આર્થિક સ્થિતિ બગડે અથવા તે નિષ્ફળ જાય તો તેની અસર સમગ્ર નાણાકીય વ્યવસ્થા પર પડી શકે છે. તેથી RBI આવી બેંકોને વધારાની મૂડી રાખવાનો નિયમ લાગુ કરે છે.

RBIએ D-SIB માટેનું માળખું 22 જુલાઈ 2014ના રોજ જાહેર કર્યું હતું અને ત્યારબાદ 28 ડિસેમ્બર 2023ના રોજ તેમાં સુધારો કર્યો હતો. SBIને 2015માં, ICICI બેંકને 2016માં અને HDFC બેંકને 2017માં આ યાદીમાં સામેલ કરવામાં આવી હતી.

ભગવાનના આભૂષણોના ભંડારમાં વધુ એક ઉમેરો

તિરુપતિ બાલાજી મંદિરમાં અજ્ઞાત ભક્તે આપ્યું ૧૨૧ કિલો સોનાનું મહાદાન

ચેન્નાઈના NRI ઉદ્યોગપતિએ ભગવાન વેંકટેશ્વરને અર્પણ કર્યા ૧૨૧ કિલો સોનાના ૪૬ પ્રકારના આભૂષણો, દાનમાં પોતાની ઓળખ રાખી ગુપ્ત



(સંપૂર્ણ સમાચાર સેવા)

આંધ્રપ્રદેશ,તા.૨૪

ભારતના પ્રસિદ્ધ તીર્થસ્થળ તિરુપતિ બાલાજી મંદિરમાં એક ભક્તે કરોડો રૂપિયાનું સોનાનું દાન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. આંધ્રપ્રદેશના તિરુમાલામાં આવેલા ભગવાન વેંકટેશ્વર સ્વામીના મંદિરમાં એક અજ્ઞાત ભક્ત દ્વારા ૧૨૧ કિલોગ્રામ સોનાના આભૂષણો અર્પણ કરવામાં આવ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ સોનાની અંદાજિત કિંમત ૧૪૦થી ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

આ ભવ્ય દાનમાં કુલ ૧૨૧ કિલોગ્રામ સોનામાંથી તૈયાર કરવામાં આવેલા ૪૬ પ્રકારના આભૂષણોનો સમાવેશ થાય છે. તેમાં ભગવાનનો સોનાનો મુગટ, ભુજકીર્તિ, શંખ-ચક્ર, વદનમ અને અભય હસ્ત જેવા વિશેષ આભૂષણો સામેલ છે.

આ તમામ દાગીના નવ અલગ-અલગ સેટમાં તૈયાર કરવામાં આવ્યા છે. મંદિરના ટીટીડી અધિકારીઓના સૂચનો અને આગમ શાસ્ત્રના નિયમો અનુસાર આ આભૂષણો બનાવવામાં આવ્યા છે. તેને તૈયાર કરવામાં અંદાજે ૧૫ મહિનાનો સમય લાગ્યો હતો.

અહેવાલ અનુસાર, આટલું મોટું દાન ચેન્નાઈના એક NRI ઉદ્યોગપતિ દ્વારા કરવામાં આવ્યું છે. ઉદ્યોગપતિનું માનવું છે કે ભગવાન વેંકટેશ્વર સ્વામીના આશીર્વાદથી તેમના વ્યવસાયમાં સતત પ્રગતિ થઈ છે.

આ જ શ્રદ્ધા અને કૃતજ્ઞતાના ભાવથી તેમણે પોતાની કંપનીના નફાનો એક હિસ્સો ભગવાનને સોનાના આભૂષણોના રૂપમાં અર્પણ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, તેઓ પોતાની ઓળખ જાહેર કરવા માંગતા નથી. આ માટે તેમણે મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ સહિત સંબંધિત લોકો સમક્ષ પણ નામ ગુપ્ત રાખવાની વિનંતી કરી હોવાનું કહેવાય છે.

અહેવાલ મુજબ, ભગવાન વેંકટેશ્વર સ્વામીના નિયમિત શણગારમાં ઉપયોગમાં લેવાતા આભૂષણોનું કુલ વજન આશરે ૬૫૦ કિલોગ્રામ છે. હવે ૧૨૧ કિલોગ્રામ સોનાના નવા આભૂષણોના ઉમેરાથી મંદિરના કિંમતી દાગીનાના ભંડારમાં વધુ વધારો થશે.

તિરુપતિ મંદિરને અગાઉ પણ રાજાઓ, સમ્રાટો અને દેશ-વિદેશના ભક્તો તરફથી હીરા જડિત મુગટ, મોતીના હાર અને કિંમતી રત્નોના આભૂષણોનું દાન મળ્યું છે. આ નવું દાન પણ ભગવાન વેંકટેશ્વર પ્રત્યે ભક્તોની અતૂટ શ્રદ્ધાનું એક વિશેષ ઉદાહરણ બની રહ્યું છે.

રશિયન વિમાનો દેખાતા દક્ષિણ કોરિયા એલર્ટ, ફાઇટર જેટ્સ તૈનાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

સિઓલ,તા.૨૪

દક્ષિણ કોરિયાના પૂર્વ કિનારે મંગળવારે રશિયન લશ્કરી વિમાનોના પ્રવેશને પગલે સુરક્ષા તંત્રમાં અચાનક ચિંતા ફેલાઈ હતી. રશિયન વિમાનો દેશના એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોન માં પ્રવેશતા દક્ષિણ કોરિયાએ તાત્કાલિક પોતાના ફાઇટર જેટ્સને હવામાં મોકલી દીધા હતા. જોકે, દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ (JCS) અનુસાર રશિયન વિમાનો દેશની સાર્વભૌમ હવાઈ સીમામાં પ્રવેશ્યા નહોતા.

દક્ષિણ કોરિયાની સેનાએ જણાવ્યું કે રશિયન લશ્કરી વિમાનો ADIZમાંથી બહાર નીકળે ત્યાં સુધી તેમની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી હતી. સંભવિત અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે દક્ષિણ કોરિયન ફાઇટર જેટ્સે જરૂરી વ્યૂહાત્મક હવાઈ કાર્યવાહી કરી હતી.

ADIZ કોઈ દેશની સાર્વભૌમ હવાઈ સીમાથી અલગ હોય છે. આ વિસ્તારમાં પ્રવેશતા વિદેશી વિમાનોની ઓળખ અને દેખરેખ કરવામાં આવે છે, જેથી સંભવિત હવાઈ ખતરાનો અગાઉથી અંદાજ મેળવી શકાય.

આ ઘટનાની વચ્ચે પૂર્વ કિનારે આવેલા ઉલેઉંગ ટાપુ માટે થોડા સમય માટે ઈવેક્યુએશન વોર્નિંગ પણ જારી કરવામાં આવી હતી. શરૂઆતમાં સુરક્ષા તંત્ર તરફથી રશિયન વિમાન દક્ષિણ કોરિયાની હવાઈ સીમામાં પ્રવેશ્યું હોવાની માહિતી આપવામાં આવી હતી.

જોકે, આ ચેતવણી માત્ર ત્રણ મિનિટ બાદ પાછી ખેંચી લેવામાં આવી. સ્થાનિક અહેવાલો અનુસાર, ઉલેઉંગ વિસ્તાર નજીક ઉત્તર કોરિયાનું વિમાન હોવાની ચેતવણી પણ ભૂલથી જાહેર થઈ હતી, જેને બાદમાં રદ કરવામાં આવી હતી.

હિજાબ વગર ઓનલાઈન કોન્સર્ટ કરવું પડ્યું ભારે

ઈરાની ગાયિકા પરસ્તુ અહમદીને ૭૪ કરોડની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૨૪

ઈરાનમાં મહિલાઓના વસ્ત્રો અને જાહેર અભિવ્યક્તિ અંગેના કડક કાયદાઓ વચ્ચે ઈરાની ગાયિકા પરસ્તુ અહમદી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. હિજાબ વગર ઓનલાઈન મ્યુઝિક કોન્સર્ટ રજૂ કરવાના કેસમાં અહમદીને ૭૪ કરોડની સજા ફટકારવામાં આવી છે. તેમની સાથે કામ કરતી પ્રોડક્શન ટીમના ચાર સભ્યો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. અદાલતે અહમદી સહિત પાંચ લોકો પર બે વર્ષ સુધી સંગીત અને અન્ય કલાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા તેમજ મુસાફરી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

આ કેસ ડિસેમ્બર ૨૦૨૪માં રેકોર્ડ કરવામાં આવેલા એક ઓનલાઈન સંગીત કાર્યક્રમ સાથે જોડાયેલો છે.

આ કાર્યક્રમ કોમ નજીક આવેલા ઐતિહાસિક દેઈર-એ ગાચીન કારવાંસેરાઈ ખાતે ફિલ્માવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કોઈ લાઈવ પ્રેક્ષકો હાજર નહોતા અને બાદમાં તેને યુટ્યુબ પર અપલોડ કરવામાં આવ્યો હતો.

વિડિયોમાં પરસ્તુ અહમદી લાંબો કાળો ડ્રેસ પહેરીને અને હિજાબ વિના ખુલ્લા વાળ સાથે ગીત ગાતી જોવા મળી હતી. તેમની સાથે પુરુષ સંગીતકારોની ટીમ પણ હતી. વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો અને ઈરાનમાં મહિલાઓ પર લાગુ થતા કડક સામાજિક તથા કાયદાકીય નિયંત્રણો અંગે ફરી આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ હતી.

ઈરાની ન્યાયતંત્રે આ કાર્યક્રમને કાયદેસર મંજૂરી વિના કરવામાં આવેલી પ્રવૃત્તિ ગણાવી હતી. અહમદી ઉપરાંત આયોજક મોહસેન લશ્કરી અને સંગીતકારો સોહેલ ફકીહ નાસીરી, અમીન તાહેરી તથા અમીર અલી પિર્નિયા સામે પણ કેસ કરવામાં આવ્યો હતો.

તેમના પર જાહેર શિષ્ટાચારના નિયમોનું ઉલ્લંઘન અને અશ્લીલ અથવા અનૈતિક સામગ્રીના પ્રસાર જેવા આરોપો મૂકવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ જૂનમાં ૭૪ કરોડની સજા સંભળાવવામાં આવી હતી અને સપ્ટેમ્બરમાં અપીલ બાદ પણ આ નિર્ણય યથાવત રાખવામાં આવ્યો હતો.

ઈરાનમાં મહિલાઓ માટે જાહેર સ્થળોએ હિજાબ પહેરવાના નિયમો લાંબા સમયથી અમલમાં છે. મહિલાઓના એકલા જાહેર ગાયન અંગે પણ કડક નિયંત્રણો છે. ૨૦૨૨માં મહસા અમીનીના મૃત્યુ બાદ દેશભરમાં હિજાબ અને મહિલાઓના અધિકારોને લઈને મોટા પાયે વિરોધ પ્રદર્શન થયા હતા.

આ કેસને લઈને આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનો તરફથી પણ ટીકા થઈ હતી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સહિતના સંગઠનોએ સજાને ક્રૂર અને અમાનવીય ગણાવી હતી. બીજી તરફ, ઈરાન સરકાર આવા માનવાધિકાર સંબંધિત આરોપોને નકારી રહી છે.

પરસ્તુ અહમદીનો કેસ ઈરાનમાં મહિલાઓની કલાત્મક અભિવ્યક્તિ અને સરકારના કડક સામાજિક નિયમો વચ્ચેના તણાવને ફરી ચર્ચામાં લાવ્યો છે. ખાસ કરીને સોશિયલ મીડિયા અને ઓનલાઈન પ્લેટફોર્મના વધતા પ્રભાવ વચ્ચે કલાકારો પર કાયદાકીય કાર્યવાહી કેટલી હદ સુધી થઈ શકે તે અંગે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

આ ઘટનાની સીધી અસર વૈશ્વિક શેરબજારો પર મર્યાદિત રહેવાની શક્યતા છે. જોકે, ઈરાન સંબંધિત કોઈપણ મોટો રાજકીય અથવા સામાજિક તણાવ જો પ્રાદેશિક અસ્થિરતા વધારશે તો ક્રૂડ ઓઈલ, સોનું અને રક્ષણ ક્ષેત્રના શેરોમાં સેન્ટિમેન્ટ આધારિત હલચલ જોવા મળી શકે છે. રોકાણકારો માટે હાલમાં મધ્યપૂર્વની રાજકીય સ્થિતિ અને તેની ઊર્જા બજાર પર પડતી અસર મુખ્ય નજરમાં રહેશે.

એન્ડી વોરહોલનું ૧૯૬૨નું સૂપ કેન પેઇન્ટિંગ ૩.૮૦ કરોડમાં વેચાયું

ન્યૂયોર્કમાં ક્રિસ્ટીઝની હરાજીમાં ૪૦ લાખ ડોલરથી શરૂ થયેલી બોલી ૯૦.૨૬ લાખ ડોલર સુધી પહોંચી હતી, કલાકૃતિએ કળાજગતનું ધ્યાન ખેંચ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂ યોર્ક, તા.૨૪

સુપરમાર્કેટમાં સામાન્ય રીતે થોડા ડોલરમાં મળતા સૂપના ડબ્બાની તસવીરની કિંમત કરોડો રૂપિયા હોઈ શકે? ન્યૂયોર્કમાં યોજાયેલી હરાજીમાં આ સવાલનો જવાબ મળ્યો છે. વિશ્વપ્રસિદ્ધ કલાકાર એન્ડી વોરહોલની ૧૯૬૨માં બનાવેલી કેમ્પબેલ્સ સૂપ કેન પેઇન્ટિંગ ૯૦.૨૬ લાખ ડોલર એટલે કે અંદાજે રૂ. ૮૦ કરોડથી વધુમાં વેચાઈ છે. ૬૪ વર્ષ જૂની આ કૃતિએ હરાજીમાં કળાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. ક્રિસ્ટીઝના ન્યૂયોર્ક ખાતે યોજાયેલી હરાજીમાં આ પેઇન્ટિંગની બોલી ૪૦ લાખ ડોલરથી શરૂ થઈ હતી. સ્પર્ધાત્મક બોલી બાદ તે ૯૦.૨૬ લાખ ડોલર થઈ હતી. આ પેઇન્ટિંગની ખાસિયત એ છે કે વોરહોલે તેને હાથથી તૈયાર કરી હતી. તેમણે લિનન પર કેસિન અને ગ્રેફાઇટનો ઉપયોગ કરીને સૂપના ડબ્બાનું ચિત્ર બનાવ્યું હતું.

વોરહોલની આ કૃતિ તેમની જાણીતી કેમ્પબેલ્સ સૂપ કેન શ્રેણીનો ભાગ છે. પાછળથી તેમણે આ જ વિષય પર સિલ્કસ્ક્રીન પ્રિન્ટિંગ દ્વારા અનેક કૃતિઓ બનાવી હતી. એન્ડી વોરહોલે કળાની પરંપરાગત વ્યાખ્યાથી અલગ રસ્તો અપનાવ્યો હતો. તેમણે રોજિંદા જીવનમાં જોવા મળતી વસ્તુઓ, જાહેરાતો, ખાદ્ય પદાર્થોના પેકેટ અને ફિલ્મી કલાકારોને પોતાની કળાનો વિષય બનાવ્યા હતા. કેમ્પબેલ્સ સૂપના ડબ્બા પણ તેમની આવી જ કલ્પનાનું પરિણામ હતા. વોરહોલે એક વખત જણાવ્યું હતું કે, તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી દરરોજ બપોરે કેમ્પબેલ્સ સૂપ પીતા હતા. આ સામાન્ય વસ્તુને તેમણે પોતાની કળા દ્વારા વૈશ્વિક ઓળખ અપાવી હતી.

૪૦૫ ટન કેમિકલ સાથેનું ચીની જહાજ ઇન્ડોનેશિયામાં જપ્ત, આટલા જથ્થાની મદદથી ૧૦૦ મિસાઈલ બનાવી શકાય

બાંગ્લાદેશના મોંગલા પોર્ટ જઈ રહેલા જહાજમાંથી સોડિયમ પરક્લોરેટનાં ૧૫ કન્ટેનર મળ્યાં, દસ્તાવેજોમાં પણ ગંભીર વિસંગતતા સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

જાકાર્તા, તા.૨૪

ઈન્ડોનેશિયાના નૌકાદળે બાંગ્લાદેશ જતું ૪૦૫ ટન સોડિયમ પર્કોલેટના જથ્થાવાળુ શંકાસ્પદ જહાજ જપ્ત કર્યુ છે. સોડિયમ પર્કોલેટના આટલા જથ્થાની મદદથી ૧૦૦ જેટલા મિસાઈલ બનાવી શકાય છે અને રોકેટ પ્રોપેલન્ટ્સ તથા અન્ય ખાસ પ્રકારના વિસ્ફોટકો બનાવી શકાય છે. બાંગ્લાદેશ પાસે પોતાની મિસાઈલ સાઈટ્સ સુદ્ધા નથી ત્યારે આ પ્રકારનો જથ્થો બાંગ્લાદેશ કેમ જઈ રહ્યો છે તે સવાલ સર્જાયો છે. તેથી ઈન્ડોનેશિયાએ આ જહાજને જપ્ત કર્યુ છે. આ જહાજ ઈન્ડોનેશિયન સમુદ્રમાં બેલાવન નામના સ્થળ નજીક નિર્ધારિત રુટથી દૂર જઈને શંકાસ્પદ રીતે ફરતું હોવાના લીધે ઈન્ડોનેશિયન નેવીના હાથમાં આવ્યું હતું. ઈન્ડોનેશિયાના નેવીએ સાતમી નવેમ્બરના રોજ આ જહાજ જપ્ત કર્યુ હતુ. આ જહાજ બેલવાનમાં રિફ્યુલિંગ માટે રોકાયું હતું. ઈન્ડોનેશિયન નૌકાદળને તેની હિલચાલ શંકાસ્પદ લાગતા તેને ચકાસવાનો નિર્ણય લીધો. ઈન્ડોનેશિયન નેવીના રિજનલ કોમરેડ એડમિરલ ડેની સેપ્ટિયાનાએ આ જપ્ત કરેલા જહાજની વિગતો આપી હતી. નૌકાદળના પેટ્રોલ વેસલ કેઆરઆઈ સિગલુ-૮૫૭એ નિર્ધારિત રુટથી અલગ રુટે જતાં આ જહાજને શંકાસ્પદ સ્થિતિમાં ફરતું જોયું હતું. પેટ્રોલિંગ ટુકડીએ ચકાસણી માટે જહાજનો સંપર્ક કર્યો હતો. તેના પછી ચકાસણી દરમિયાન તેના દસ્તાવેજો અને કાર્ગોમાં વિસંગતતા જોવા મળતાં તેને જપ્ત કરવામાં આવ્યું હતું.

ઈન્ડોનેશિયન નૌકાદળ મુજબ આ જહાજ કુલ ૧૯ કન્ટેનર લઈને જઈ રહ્યું હતું. તેમા ૧૫ તો સોડિયમ પરક્લોરેટના હતા. તેનો કુલ જથ્થો ૪૦૫ ટનનો હતો. આ કેમિકલ ઈન્ડસ્ટ્રીયલ એપ્લિકેશન્સ ધરાવતું સ્ટ્રેટેજિક ઓક્સીડાઈસિંગ એજન્ટ છે. તેનો ઉપયોગ રોકેટના ઉત્પાદનમાં અને મિસાઈલ પ્રોપેલન્ટ બનાવવા કરી શકાય છે.

રીયર એડમિરલ ડેનીએ જણાવ્યું હતું કે, જપ્ત કરવામાં આવેલા જથ્થામાંથી કમસેકમ ૧૦૦ મિસાઈલ સરળતાથી બનાવી શકાય છે. નૌકાદળે આ ઉપરાંત ૫૪ પેલેટ્સ પણ જપ્ત કરી હતી, તેમા લાખોની સંખ્યામાં અનરજિસ્ટર્ડ ફોર-જી એલટીઈ બ્લેન્ક સિમકાર્ડ હતા. આ જહાજ ચીનના લિયાનયુગાંગ બંદર પરથી બાંગ્લાદેશના મોંગલા પોર્ટ પર જવા નીકળ્યું હતું. તે ૮મી નવેમ્બરના રોજ મોંગલા પહોંચવાનું હતું, પરંતુ તેણે ઈન્ડોનેશિય સમુદ્રમાં અનશેડ્યુલ્ડ સ્ટોપ લીધું હતું. આ કાર્ગોના આયાતકારની ઓળખ હજી સુધી પ્રસ્થાપિત થઈ નથી. આ જહાજ બાંગ્લાદેશ પહોંચે તે પહેલા જ તેને આંતરી લેવાયું છે. આ જહાજના દસ્તાવેજોમાં પણ વિસંગતતા જોવા મળી છે. તેના દસ્તાવેજો ૮ ઓક્ટોબર ૨૦૨૭ સુધી અધિકૃત હતા, પરંતુ તેની અધિકૃતતાનો દરજ્જો સસ્પેન્ડેડ બતાવે છે. હવે જહાજનો એડમિનિસ્ટ્રેટિવ રેકોર્ડ ચકાસાઈ રહ્યો છે. તેની નેવિગેશન પરમિટની અધિકૃતતાની અને જોખમી માલસામગ્રીનું પરિવહન કરવાની તેને છૂટ છે કે નહીં તેની ચકાસણી થઈ રહી છે.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સનો આઈપીઓ ૨૬ નવેમ્બરે ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૪

લક્ઝરી ફૂડ સર્વિસીસ ક્ષેત્રે કાર્યરત કંપની ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સ (ઈન્ડિયા) લિમિટેડ તેના પ્રથમ આઈપીઓ મારફતે રૂ.૩૬૧ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ આઈપીઓ માટે સબ્સ્ક્રીપ્શન ૨૬ નવેમ્બરે શરૂ થશે. કંપનીએ શેર દીઠ રૂ.૧૮૧થી ૧૯૧ની પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો છે. આ આઈપીઓ ૩૦ નવેમ્બરે બંધ થશે, જ્યારે એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગ ૨૫ નવેમ્બરે યોજાશે. ફૂડલિંકના શેરનું શેરબજારમાં ૩ ડિસેમ્બરે લિસ્ટિંગ થવાની અપેક્ષા છે.

આ આઈપીઓમાં રૂ.૧૯૨ કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને કંપનીના હાલના શેરધારકો દ્વારા રૂ.૧૬૮.૭૬ કરોડના મૂલ્યના કુલ ૮૮,૩૫,૩૮૨ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે.

ફૂડલિંક એફએન્ડબી હોલ્ડિંગ્સ (ઈન્ડિયા) લિમિટેડ લક્ઝરી ફૂડ સર્વિસીસ ક્ષેત્રે કાર્યરત કંપની છે, કંપનીનો બિઝનેસ મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં વહેંચાયેલો છે, જેમાં વિવિધ કાર્યક્રમો માટે કેટરિંગ સેવા, કેઝ્યુઅલ ડાઈનિંગ રેસ્ટોરન્ટ્સ અને ક્લાઉડ કિચન, તેમજ બેન્ક્વેટ અને ઈન્ટિગ્રેટેડ ફૂડ એન્ડ બેવરેજ સર્વિસીસનો સમાવેશ થાય છે.

કંપની ભારતમાં અને સંયુક્ત આરબ અમીરાતમાં ઈન્ડિયા બિસ્ટ્રો, આર્ટ ઓફ દમ, ચાઇના બિસ્ટ્રો અને ગ્લોકલ જેવી બ્રાન્ડ્સ હેઠળ અનેક કેઝ્યુઅલ ડાઈનિંગ રેસ્ટોરન્ટ્સ અને ક્લાઉડ કિચનનું ચલાવે છે.

આ આઈપીઓ માટે ઈક્વિરસ કેપિટલ અને જેએમ ફાઇનાન્શિયલ બુક-રનિંગ લીડ મેનેજર્સ છે, જ્યારે એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા રજિસ્ટ્રાર છે.



'પંચાયત ૫'નું ટ્રેલર રિલીઝ, પ્રધાનની ખુરશી બદલાઈ, રિંકી-સચિવજીની લવસ્ટોરીમાં નવો વળાંક



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

OTT પ્લેટફોર્મ પ્રાઇમ વીડિયોની લોકપ્રિય કોમેડી-ડ્રામા સિરીઝ 'પંચાયત' ફરી એકવાર દર્શકોને ફુલેરાની ગલીઓમાં લઈ જવા માટે તૈયાર છે. મેકર્સે તેની પાંચમી સિઝનનું ઓફિશિયલ ટ્રેલર રિલીઝ કરી દીધું છે. ટ્રેલરમાં ગામનું રાજકારણ, સત્તાની ખેંચતાણ, સંબંધોની ગૂંચવણ અને હળવી રમૂજની ઝલક જોવા મળી રહી છે. આ વખતે ફુલેરામાં પ્રધાનની ખુરશી બદલાઈ ગઈ છે, પરંતુ ગામની સમસ્યાઓ અને પાત્રો વચ્ચેની નોકઝોક પહેલાંની જેમ જ ચાલુ રહેવાની છે.

નવી સિઝનમાં જૂના કલાકારોની સાથે નવા સંજોગો અને સંબંધોમાં આવતા બદલાવ પણ જોવા મળશે. 'પંચાયત 5'નું ટ્રેલર ગામમાં સત્તાનાં નવાં સમીકરણો સાથે શરૂ થાય છે. પ્રધાનજી એટલે કે રઘુબીર યાદવ હવે પહેલાંની જેમ ખુરશી પર નથી. સત્તાથી દૂર થયા બાદ તેમની સામે નવા સંજોગો સાથે તાલમેલ બેસાડવાનો પડકાર છે. ઈઝરાયેલમાં વડાપ્રધાનની પસંદગી કેવી રીતે થાય છે? જનતા ઉમેદવાર નહીં, પક્ષને આપે છે મત. બીજી તરફ, ફુલેરાના રાજકારણમાં આવેલા બદલાવ વચ્ચે નવા પ્રધાનપતિ સામે પોતાની જવાબદારી સાબિત કરવાનો સવાલ ઊભો થયો છે. ટ્રેલરમાં આ સંજોગોમાંથી જન્મતી રમૂજ અને ડ્રામાની ઝલક જોવા મળે છે. સાથે જ સચિવજી એટલે કે જિતેન્દ્ર કુમાર પણ જીવનના અલગ-અલગ મોરચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. એક તરફ તેમની અંગત મહત્ત્વાકાંક્ષાઓ છે, તો બીજી તરફ મિત્રતા અને પંચાયતના બદલાતા રાજકારણ સાથે જોડાયેલી જવાબદારીઓ છે. આવી સ્થિતિમાં ફુલેરામાં તેમની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લેતી નથી. સિરીઝની નવી સિઝનમાં સચિવજી અને રિંકીની પ્રેમકહાની પણ મહત્ત્વની ભજવવાની છે. ટ્રેલરમાં બંનેના સંબંધોને લઈને એવા વળાંકનો સંકેત આપવામાં આવ્યો છે, જેની દર્શકોએ અપેક્ષા રાખી ન હોય. હવે સવાલ એ છે કે શું સચિવજી અને રિંકીની પ્રેમકહાની તેના મુકામ સુધી પહોંચી શકશે કે પછી તેમના સંબંધોમાં નવી મુશ્કેલીઓ ઊભી થશે?

'પંચાયત'ની ખાસિયત ગામના રોજિંદા જીવનને રમૂજ અને લાગણીઓ સાથે રજૂ કરવાની રહી છે. પાંચમી સિઝનમાં પણ મેકર્સ આ જ અંદાજને આગળ વધારતા જોવા મળી રહ્યા છે. સત્તાનું રાજકારણ, પરસ્પર સંબંધો અને નાની-નાની બાબતો પર થતી ચર્ચાઓ ફરી એકવાર વાર્તાને રસપ્રદ બનાવશે.

'પંચાયત 5'માં દર્શકોને ફરી એકવાર સિરીઝના લોકપ્રિય કલાકારો જોવા મળશે. જિતેન્દ્ર કુમાર સચિવજીના પાત્રમાં, રઘુબીર યાદવ પ્રધાનજીના પાત્રમાં અને નીના ગુપ્તા મંજુ દેવીના પાત્રમાં પાછાં ફરી રહ્યાં છે. આ ઉપરાંત સુનીતા રાજવર, ફૈઝલ મલિક, ચંદન રોય, સાંવિકા, દુર્ગેશ કુમાર અને અશોક પાઠક પણ પોતપોતાની ભૂમિકામાં જોવા મળશે.

સિરીઝનું દિગ્દર્શન દીપક કુમાર મિશ્રાએ કર્યું છે. તેનું નિર્માણ દીપક કુમાર મિશ્રા, ચંદન કુમાર અને અરુણાભ કુમારે કર્યું છે, જ્યારે તેની વાર્તા ચંદન કુમારે લખી છે. સિરીઝનું નિર્માણ 'ધ વાયરલ ફીવર' (TVF) દ્વારા કરવામાં આવ્યું છે. મેકર્સે 'પંચાયત 5'ની રિલીઝ ડેટની જાહેરાત અગાઉ જ કરી દીધી છે. આ સિરીઝ 3 ડિસેમ્બર, 2026ના રોજ ભારત સહિત વિશ્વના અન્ય દેશો અને વિસ્તારોમાં પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ થશે. ટ્રેલર રિલીઝ થયા બાદ હવે દર્શકો ફુલેરાના નવા રાજકીય અને પારિવારિક ડ્રામાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ વખતે ગામની સત્તા કોના હાથમાં મજબૂત બને છે અને સચિવજીની પ્રેમકહાની ક્યો નવો વળાંક લે છે તે જોવું રસપ્રદ

યામીના જીવનમાં આવ્યા બાદ મારું નસીબ બદલાયું : આદિત્ય ધર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દિગ્દર્શક આદિત્ય ધરે પત્ની અને અભિનેત્રી યામી ગૌતમને પોતાના જીવનની 'લેડી લક' ગણાવી છે. એક જાહેર કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે યામીનાં જીવનમાં આવ્યા બાદ તેમનું નસીબ બદલાયું છે. બીજી તરફ, યામીએ પણ આદિત્યની ફિલ્મ નિર્માણ પ્રત્યેની નિષ્ઠા અને મહેનતનાં વખાણ કર્યા હતાં.



પોતાની કારકિર્દીની સફર વિશે વાત કરતા આદિત્યએ કહ્યું, "એક રાતમાં મળેલી સફળતા પાછળ મને ૨૦ વર્ષ લાગ્યાં છે. મારી સફર ઘણી ઉતાર-ચઢાવભરી રહી છે. હું મારા જીવનમાં યામી જેવી સુંદર વ્યક્તિ સાથે લગ્ન થયાં તે બદલ આભારી છું. તે મારા જીવનમાં આવી ત્યારથી મારું નસીબ બદલાયું છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, યામીના સાથને કારણે જ તેઓ ભારતની વાર્તા દુનિયા સમક્ષ રજૂ કરી શક્યા છે. આદિત્યએ યામીના અભિનયની ક્ષમતાનાં પણ વખાણ કર્યાં હતા. તેમના મતે, દર્શકોએ હજુ સુધી યામીની પ્રતિભાનો ૫૦ ટકા હિસ્સો પણ જોયો નથી. તેમણે યામીને સોનેરી હૃદય ધરાવતી વ્યક્તિ ગણાવી હતી.

યામીએ પણ આદિત્યની કાર્યશૈલી વિશે વાત કરતાં જણાવ્યું કે, ફિલ્મના સેટ પર તેઓ ક્યારેક ઊંઘ્યા વિના સતત ૩૦ કલાક સુધી કામ કરતા હતા. તેમની પાસે સ્પષ્ટ દૃષ્ટિ અને દરેક પ્રોજેક્ટને શ્રેષ્ઠ બનાવવાની લગન છે. યામીનાં મતે, મોટું સપનું જોવું સહેલું છે, પરંતુ તેને સાકાર કરવા હિંમત અને દૃઢ નિશ્ચય જરૂરી છે.

આદિત્યએ ૨૦૧૯માં 'ઉરી : ધ સર્જિકલ સ્ટ્રાઇક'થી દિગ્દર્શક તરીકે શરૂઆત કરી હતી. તાજેતરમાં તેમણે રણવીર સિંહ અભિનીત 'ધુરંધર' સિરીઝનું દિગ્દર્શન કર્યું છે. આદિત્ય અને યામીના લગ્ન ૪ જૂન, ૨૦૨૧ના રોજ થયાં હતાં.

સલમાનનો ખુલાસો, 'દબંગ'ની નવી સિક્વલ આવશે

'બજરંગી ભાઈજાન ૨' નહીં બને, 'દબંગ'ની નવી ફિલ્મની સલમાને કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સલમાન ખાને લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'દબંગ'ની નવી સિક્વલ બનવાની વાત કરી છે, જ્યારે 'બજરંગી ભાઈજાન ૨'ની શક્યતા નકારી છે. એક ઈન્ટરવ્યુની વાતચીતમાં સલમાને બંને ફિલ્મોનાં ભાવિ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

"'દબંગ'ની નવી ફિલ્મ અંગે તેણે કહ્યું, "દબંગ તો આવી જ જશે. આ આપણા હાથમાં છે, જ્યારે બાકીની ફિલ્મો તેના હાથમાં નથી." ૨૦૧૦માં આવેલી પહેલી ફિલ્મમાં સલમાને પોલીસ અધિકારી ચુલબુલ પાંડેની ભૂમિકા ભજવી હતી. તેની સફળતા બાદ ૨૦૧૨ અને ૨૦૧૯માં બે સિક્વલ રિલીઝ થઈ હતી.

'બજરંગી ભાઈજાન ૨' અંગે સલમાનનું માનવું છે કે, મૂળ ફિલ્મે દર્શકો સાથે જે ભાવનાત્મક જોડાણ સ્થાપિત કર્યું હતું, તેને ફરી સર્જવું મુશ્કેલ છે. તેણે કહ્યું કે, સિક્વલ મૂળ ફિલ્મ જેટલી અસરકારક ન બને તો દર્શકો નિ:રાશ થઈ શકે છે. આથી આવી ફિલ્મ બનાવવી શક્ય લાગતી નથી.

કબીર ખાનના દિગ્દર્શનમાં બનેલી 'બજરંગી ભાઈજાન'માં સલમાને પવનનું પાત્ર ભજવ્યું હતું, જે પાકિસ્તાની બાળકી મુન્નીને તેનાં પરિવાર સાથે મિલાવવા મદદ કરે છે. દરમિયાન, સલમાનની આગામી ફિલ્મ 'માતૃભૂમિ : મે વોર રેસ્ટ ઈન પીસ' ૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. અપૂર્વ લાખિયાના દિગ્દર્શનમાં [redacted] ચિત્રાંગદા સિંહ પણ છે.

'રામાયણ' બાદ વિવિધ પાત્રો ભજવી અભિનયમાં નવી ઓળખ બનાવવા માગે છે રકુલ



શૂર્પણખાની ભૂમિકા બાદ એકસરખાં પાત્રોથી બહાર આવી નવી દુનિયા અને પડકારજનક સ્ક્રિપ્ટ શોધવા ઉત્સુક રકુલ પ્રીત સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રકુલ પ્રીત સિંહ હવે પડકારજનક ભૂમિકાઓ ભજવવા અને અભિનયમાં નવી શક્યતાઓ શોધવા માગે છે. નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'માં શૂર્પણખાની ભૂમિકા ભજવી રહેલી રકુલે કહ્યું કે, હાલમાં તે એવી સ્ક્રિપ્ટની શોધમાં છે, જે તેને એક અભિનેત્રી તરીકે પડકાર આપે.

પોતાની કારકિર્દી વિશે વાત કરતાં રકુલે મહેનત અને સતત પ્રયાસોને સફળતાનો આધાર ગણાવ્યાં. તેણે કહ્યું, "શરૂઆતથી જ મારો નિશ્ચય રહ્યો છે કે મારે સૌથી વધુ મહેનત કરવી છે. આજે પણ હું માનું છું કે મહેનતનો કોઈ શોર્ટકટ નથી."

રકુલે પોતાની કારકિર્દીને ઘડવામાં તેલુગુ ફિલ્મ ઉદ્યોગના યોગદાનને પણ યાદ કર્યું. તેના મતે, તેલુગુ સિનેમાએ તેને અભિનયની સમજ આપી, કામ પ્રત્યેની કદર શીખવી અને ઓળખ અપાવી. આ ઉદ્યોગે તેને ઈચ્છેલી સફળતા અને સ્ટારડમ પણ આપ્યાં. હવે તે એકસરખા પ્રકારનાં પાત્રોમાં બંધાઈ રહેવાને બદલે અલગ દુનિયા અને વિવિધ પાત્રોનો અનુભવ કરવા માગે છે.

રકુલના શબ્દોમાં, "હાલમાં હું અલગ-અલગ ભૂમિકાઓ અજમાવવા અને નવી દુનિયા સર્જવાના તબક્કામાં છું. હું એવી સ્ક્રિપ્ટ શોધી રહી છું, જે મને પડકાર આપે."

'રામાયણ'માં શૂર્પણખાની ભૂમિકા પણ તેના માટે એક અલગ પ્રકારનો અનુભવ છે. હવે આગળ પણ આવા જ નવા અને પડકારજનક પાત્રો પસંદ કરવાનું તેનું લક્ષ્ય છે.

૨૫૦૦ કરોડની સંપત્તિની વાતો ખોટી, મારી પાસે દસ ટકા પણ નથી : અનુપમ ખેર

મુંબઈમાં ભાડાના મકાનમાં રહેતા અનુપમે દસ વર્ષ પહેલાં પોતાનું ઘર આલિયા ભટ્ટને વેચ્યું હતું, સિમલામાં માતા માટે આઠ બેડરૂમનું ઘર ખરીદ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ગૂગલ પર અનુપમ ખેરની નેટવર્થ ૫૦૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવે છે તે બાબતે અનુપમ ખેરે જણાવ્યું હતું કે મારી પાસે તેના દસ ટકા પણ સંપત્તિ નથી. સંપત્તિ વિશેના આ ખોટા દાવાઓને કારણે તે દોસ્તોમાં મજાકનું કારણ બની ગયો છે. દોસ્તો આ બધું જોઈ તેમાંથી થોડાં પૈસા અમને પણ આપ કહી મજાક ઉડાવે છે તેમ અનુપમે ઉમેર્યું હતું.

મુંબઈમાં પોતે ભાડે શા માટે રહે છે તે બાબતે અનુપમે જણાવ્યું હતું કે, દસ વર્ષ અગાઉ મેં ભાડે રહેવાનો નિર્ણય લીધો હતો. પત્ની કિરણ ખેર સાંસદ થઈ ચંદીગઢમાં શિફ્ટ થઈ તે પછી મુંબઈની મારી સંપત્તિ મેં આલિયા ભટ્ટને વેચી દીધી હતી. એ પછી મારે મુંબઈમાં સંપત્તિ ખરીદવાનું કોઈ કારણ નહોતું. હું અને મારો ભાઈ બંને ભાડે રહીને ખુશ છીએ.

અનુપમ ખેરે જણાવ્યું હતું કે, સિમલામાં મારું પોતાનું આઠ બેડરૂમનું ઘર છે જે આજીવન લગભગ ૬૦ વર્ષ સુધી ભાડે રહેનારી મારી માતા માટે લીધું હતું. જો કે, ૪૪ વર્ષની ફિલ્મ કારકિર્દી દરમ્યાન ૫૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરનાર અનુપમ ખેર હાલ ભાડે રહેતાં હોવા છતાં પોતાની જિંદગી વૈભવી ઠાઠમાઠથી જીવે છે.

વલસાડ-ડુંગરી ખાતે આર્ટ ઑફ લિવિંગનો ચાર દિવસનો એડવાન્સ કોર્સ યોજાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૪

આર્ટ ઑફ લિવિંગ સંસ્થાના પ્રણેતા પૂ.ગુરુદેવ શ્રીશ્રી રવિશંકરજીનાં આશીર્વાદ થકી વલસાડ-ડુંગરી ખાતે શાખાના પ્રબંધક શ્રીમતી પૂર્વશીબહેન પટેલ દ્વારા તા.૧૯-૨૦-૨૧-૨૨ નવેમ્બરના રોજ એડવન્સ કોર્સનું સંચાલન થયુ હતુ. જે અંતર્ગત ૩૪ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરની અંદર ધ્યાન, પ્રાણાયમ, યોગ, આહાર-વિહાર-દૈનિક જીવનચર્યાની વિસ્તૃત ચર્ચા તથા સમજ સંસ્થાના વરિષ્ઠ શિક્ષિકા શૈલજા દીદી દ્વારા કરવામાં આવી હતી. ''વસુદૈવ કુટુમ્બકમ'' ની ઉદાત્ ભાવનાથી બેંગ્લોર સ્થિત આર્ટ ઑફ લિવિંગ સંસ્થા અત્યારે વિશ્વના ૧૮૦ જેટલા દેશોમાં પ્રસરેલ છે.

સાંપ્રત પરિસ્થિતિમાં તણાવ-ઉદાસીનતા-ચિંતા, માનસિક અસંતુલન, ચીડીયાપણુ, આત્મહત્યા, અસહિષ્ણુતા જેવી ઘટનાઓ તથા આહાર-વિહારની ગેરસમજને લઈ ડાયાબીટીસ, હાઈપરટેન્શન (બ્લડપ્રેસર) - હૃદયરોગની બિમારી વધુ પ્રમાણમાં જોવા મળતી હોય છે. એવા સંજોગોમાં આ પ્રકારની શિબિર મહદ અંશે મદદરૂપ થઈ શકે છે. પ્રતિવર્ષ આયોજિત થતી આ શિબિરની સફળતા માટે નિલેષભાઈ, ભાવેશભાઈ, જુગલભાઈ તથા મિલનભાઈનો તથા યુવાચાર્યાનો સિંહ ફાળો રહ્યો હતો.

દાનહમાં નવ દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

દાનહના વાઘોબા સ્ટેડિયમ ખેરારબારી ગામે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નવ દિવસીય ટુર્નામેન્ટમા ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. અને દરેક ટીમોએ પોતાની રમતનું કૌશલ પ્રસ્તુત કર્યું હતું. ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને પ્રથમ ઈનામ તરીકે ૩૧ હજાર, બેસદા મૂળગામ, દ્વિતીય વિજેતા ટીમને ૨૧ હજાર ઈનામ ખેરડી-ઘૂટીયાપાડા અને તૃતીય અને ચોથા ક્રમે આવનાર ટીમોને ૯.૯ હજારનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. જ્યારે પાંચથી આઠમા ક્રમે આવનાર ટીમને ૫૫૦૦ રૂપિયાનું આપી પ્રોત્સાહિત કરવામા આવી હતી.

આ ટુર્નામેન્ટના આયોજનથી દાનહ સહિત ગુજરાત અને મહારાષ્ટ્રના યુવા ક્રિકેટરોને પોતાની પ્રતિભા દર્શાવવાનો ઉત્તમ મંચ મળ્યો હતો.

સોળસુંબાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભૂકંપના એંધાણ

માત્ર કાગળ પરના વિકાસથી ત્રસ્ત ગ્રામજનોને નવા અને પ્રામાણિક વિકલ્પની આશા વચ્ચે અધિકારીઓ સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવનાર સમાજસેવી મુનીર ખોજાની એન્ટ્રીથી વિરોધીઓમાં ફફડાટ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૪

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના વાગી રહેલા ભણકારા વચ્ચે સોળસુંબા ગ્રામ પંચાયતની ચૂંટણીના રાજકીય સમીકરણો તેજીથી બદલાઈ રહ્યા છે. પારદર્શક વહીવટના પ્રખર આગ્રહી અને નિ:સ્વાર્થ સમાજસેવી શ્રી મુનીરભાઈ ખોજા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવે તેવી પ્રબળ અટકળો વચ્ચે ગ્રામજનોમાં ભારે ઉત્સાહ અને ઉત્સુક્તા જોવા મળી રહી છે. આગામી ચૂંટણીમાં સોળસુંબામાં બહુપાંખિયા અને રસાકસીભર્યા જંગના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. પસાર થયેલી ટર્મ અત્યંત વિવાદાસ્પદ રહી છે જેમાં ભ્રષ્ટાચારના આક્ષેપો ચરમસીમાએ રહ્યા અને પ્રજાલક્ષી સેવાની કામગીરી તળિયે પહોંચી ગઈ હોવાનું લોકો અનુભવી રહ્યા છે. માત્ર કાગળ પર દેખાતો વિકાસ વાસ્તવિક્તામાં જમીન પર ક્યાંય નજરે પડતો ન હોવા છતાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને બની બેઠેલા અગ્રણીઓ મૌન સેવી રહ્યા હોવાથી સ્થાનિકોમાં રોષ છે. આવા સમયે ગ્રામજનો એક મજબૂત, નીડર અને પારદર્શક વિકલ્પ ઝંખી રહ્યા છે.

ખોજા પરિવારમાં જન્મેલા શ્રી મુનીરભાઈ ખોજા નાગરિકોની નાની-મોટી સમસ્યાઓ સાંભળવી, સરકારી કચેરીઓમાં વિનામૂલ્યે અરજીઓ લખી આપવી અને તંત્ર સુધી લોકોનો અવાજ પહોંચાડવો એ તેમનો નિત્યક્રમ છે.રાષ્ટ્રીય માનવ અધિકાર સામાજિક ન્યાય આયોગના વલસાડ જિલ્લા પ્રમુખ તરીકે સેવા આપી ચૂકેલા મુનીર ખોજાને એન્ટી કરપ્શન બ્યૂરો વલસાડ દ્વારા ખાસ સન્માનિત પણ કરવામાં આવ્યા છે. કાયદાકીય જોગવાઈઓ અને નિયમોના ઊંડા અભ્યાસ સાથે IAS કક્ષાના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પણ ખચકાટ વિના પ્રજાના પ્રશ્નો રજૂ કરવાની તેમની નિર્ભય શૈલી સમગ્ર પંથકમાં જાણીતી છે.

સોળસુંબા ગ્રામ પંચાયતમાં રસ્તા, શુદ્ધ પીવાનું પાણી, સફાઈ, સ્ટ્રીટલાઈટ, સરકારી યોજનાઓનો સીધો લાભ અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટ જેવા પાયાના પ્રશ્નો વર્ષોથી વણઉકેલ્યા છે.

સ્થાનિકોની પ્રબળ માંગ અને લાગણી વચ્ચે હવે સૌથી મોટો સવાલ એ છે કે શું મુનીર ખોજા આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઝંપલાવશે તો સોળસુંબાની લોકશાહીમાં એક નવા અને પરિવર્તન અધ્યાયની શરૂઆત થશે તે નિશ્ચિત છે.

સુરતમાં ONGC બ્રિજ નજીક કેમિકલ ભરેલું ટેન્કર પલટી ગયું



(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૨૪

સુરત શહેરમાં ONGC બ્રિજ નજીક કેમિકલ ભરેલા ટેન્કરને અકસ્માત નડતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોનો ગ્લાયકોલ નામનું કેમિકલ ભરેલું ટેકર અચાનક રસ્તા પર પલટી મારી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા કામગીરી શરૂ કરી હતી.

મળતી માહિતી મુજબ, ONGC બ્રિજ નજીક કેમિકલ ભરેલું ટેન્કર અચાનક પલટી મારી ગયું હતું. ટેન્કરમાં મોનો ગ્લાયકોલ કેમિકલ ભરેલું હોવાથી ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગની ટીમોને તહેનાત કરવામાં આવી હતી.

ટેન્કર રસ્તા પર પલટી જતાં વાહનચાલકોમાં ચિંતા ફેલાઈ હતી. ફાયર વિભાગના જવાનો દ્વારા સ્થળ પર જરૂરી તકેદારી રાખીને ટેન્કર હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અકસમાતને બે કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં ટેન્કરને રસ્તા પરથી હટાવવામાં મુશ્કેલી પડી રહી હતી. પરિણામે ONGC બ્રિજ અને કંપની નજીકના માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

નોકરી-ધંધા માટે નીકળેલા લોકો તેમજ અન્ય વાહનચાલકો ટ્રાફિક જામમાં અટવાઈ પડ્યા હતા. માર્ગ પર વાહનોની અવરજવર ખોરવાતાં સ્થાનિક લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.પલટી ગયેલા ટેન્કરને રસ્તા પરથી સુરક્ષિત રીતે હટાવવા માટે ખાસ ટ્રેલર મંગાવવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમોની હાજરીમાં ટેન્કર ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

હાલમાં ટેન્કર હટાવવાની કામગીરી અને ટ્રાફિક જામ હળવો કરવાના પ્રયાસો ચાલુ હોવાની માહિતી છે. ટેન્કર રસ્તા પરથી દૂર થયા બાદ જ ONGC બ્રિજ નજીક વાહનવ્યવહાર સામાન્ય બનવાની શક્યતા છે.

દહેજમાં હેવાનિયતની હદ

પ્રેમસંબંધના ઈન્કારનો બદલો લેવા ૨ વર્ષની માસૂમ સાથે દુષ્કર્મ

કોર્ટે આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે અને ડીવાયએસપી તપાસ ચલાવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભરૂચ,તા.૨૪

ભરૂચ જિલ્લાના દહેજ પંથકમાં ૨ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવાના ગંભીર બનાવથી ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, એક પરિણીતાએ પ્રેમસંબંધ બાંધવા ઇકાર કરતા આરોપીએ પીડિત પરિવારને તેનું પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ધમકી આપી હતી અને ત્યારબાદ ૨ વર્ષની બાળકીને નિશાન બનાવી હતી. આંગણે રમતી બાળકીનું અપહરણ કરીને રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની વિગતો સામે આવી છે.

સગીરાના પિતાના મિત્રદ્વારા જ આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું સામે આવતા વિસ્તારમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. દહેજ પોલીસે ગુનાને ગંભીરતાથી લઈને પરપ્રાંતિય સુરેન્દ્રકુમાર ની અટકાયત કરી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વધુ તપાસ ડીવાયએસપી અનિલ સીસારા ચલાવી રહ્યા છે. પોલીસ દ્વારા રિમાન્ડ દરમિયાન ગુનાની વિગતો અને પુરાવાઓ એકત્રિત કરવા સહિતની આગળની તપાસ કરવામાં આવી રહી છે.

ધોળકા-બાવળા વચ્ચે વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, ૩ સગીર સહિત ૪ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૨૪

અમદાવાદ જિલ્લામાં ધોળકા અને બાવળા રેલવે સ્ટેશન વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર થયેલા પથ્થરમારાની ઘટનામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ને મોટી સફળતા મળી છે. ૨૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ વેરાવળથી સાબરમતી તરફ આવી રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર ૨૬૯૦૨ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ મામલે તપાસ દરમિયાન ત્રણ સગીર સહિત કુલ ચાર લોકોની ઓળખ કરીને તેમની અટકાયત કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે ત્રણ સગીરોએ માત્ર મસ્તી-મજાકમાં ચાલુ ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોટાદ RPF પોલીસ સ્ટેશનમાં રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ભાવનગર



ડિવિઝનલ સિક્યુરિટી કમિશનરના માર્ગદર્શન હેઠળ RPFની ટીમે તપાસ શરૂ કરી હતી.

સૌપ્રથમ વંદે ભારત ટ્રેનના કોચ નંબર C/5ના CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. ત્યારબાદ ધોળકા-બાવળા વચ્ચે આવેલા ગરનાળા નંબર ૬૨ પાસેના CCTV કેમેરાના ફૂટેજની પણ તપાસ કરવામાં આવી હતી. ફૂટેજમાં રાત્રિના સમયે આશરે પાંચ લોકો રેલવે લાઈન નજીકથી પસાર થતા જોવા મળ્યા હતા. જોકે અંધારાના કારણે તેમના ચહેરા સ્પષ્ટ દેખાતા નહોતા.

RPFની ટીમે બાવળા સ્ટેશન પરથી અજય તારકેશ્વર યાદવ (ઉંમર ૨૦ વર્ષ, રહે. બાવળા)ને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ દરમિયાન સમગ્ર ઘટનાની હકીકત સામે આવી હતી.

અજયે જણાવ્યું હતું કે ૨૧ નવેમ્બરની રાત્રે તે પોતાના ત્રણ સગીર મિત્રો સાથે ગરનાળા નંબર ૬૨ પાસેની પાળી પર બેઠો હતો. આ દરમિયાન વંદે ભારત એક્સપ્રેસ પસાર થતાં તેના ત્રણ મિત્રોએ વારાફરતી ટ્રેન પર પથ્થર ફેંક્યા હતા. અજયે આ હરકત બદલ સગીરોને ઠપકો પણ આપ્યો હતો. ત્યારબાદ ચારેય ત્યાંથી જતા રહ્યા હતા. આ મામલે RPFએ ત્રણેય સગીરોના વાલીઓને બોલાવી જરૂરી પંચનામું અને નિવેદન નોંધવાની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ સેન્ટ્રલ IBના ઈન્ટેલિજન્સ ઓફિસર અને બોટાદ RPF નિરીક્ષક દ્વારા સંયુક્ત પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં ત્રણેય સગીરોએ મસ્તી-મજાકમાં ટ્રેન પર પથ્થર ફેંક્યા હોવાની કબૂલાત કરી હતી.

અમરેલીમાં કપાસનું ઉત્પાદન ૫૦% ઘટ્યું; સારા ભાવ છતાં ખેડૂતો માટે ખર્ચ કાઢવો મુશ્કેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે કપાસના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે. ચોમાસા દરમિયાન વરસાદની અનિયમિતતા અને લાંબા સમયના વિરામની સૌથી વધુ અસર બિનપિયત ખેતી કરતા ખેડૂતો પર પડી છે. કપાસના બજારભાવ પ્રતિ મણ ૩.૧,૭૦૦થી ૩.૧,૯૦૦ સુધી મળતા હોવા છતાં ઉત્પાદન ઘટી જતાં ખેડૂતો માટે ખેતીનો ખર્ચ સરભર કરવો પણ મુશ્કેલ બન્યો છે. અમરેલી જિલ્લો કપાસના મોટા ઉત્પાદક વિસ્તારોમાં સામેલ છે. ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆતમાં ભારે વરસાદ બાદ લાંબા સમય સુધી વરસાદ ખેંચાઈ જતાં બિનપિયત ખેતરોમાં કપાસના પાકને પૂરતું પાણી મળ્યું નહોતું. ખેડૂતોના જણાવ્યા મુજબ, આવા ખેતરોમાં એક વીઘે માત્ર ૪થી ૫ મણ જેટલો કપાસનો ઉતારો મળી રહ્યો છે.

ચોમાસાની શરૂઆતમાં થયેલા ભારે વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં મોંઘા બિયારણ નિષ્ફળ ગયા હતા. પરિણામે ખેડૂતોને બે-ત્રણ વખત ફરી વાવેતર કરવું પડ્યું હતું. પહેલેથી જ વધતા બિયારણ, ખાતર, દવા અને મજૂરીના ખર્ચ વચ્ચે ઓછા ઉત્પાદનથી બિનપિયત ખેડૂતોની આર્થિક મુશ્કેલી વધી છે.

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષે બિનપિયત વિસ્તારમાં કપાસના ઉત્પાદનમાં અંદાજે ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આવકમાં ઘટાડો પણ તેનું સીધું પ્રતિબિંબ છે. નોંધપાત્ર ઘટાડો થયો છે અને હાલમાં આશરે ૪થી ૬ હજાર મણ જેટલો કપાસ જ યાર્ડમાં આવી રહ્યો છે. જાહેર હરાજીમાં કપાસના ભાવ ૩.૧,૩૦૦થી ૩.૧,૯૦૦ પ્રતિ મણ સુધી મળી રહ્યા છે. ભાવ ખેડૂતો માટે સંતોષકારક હોવા છતાં ઉત્પાદન લગભગ અડધું થઈ જતાં કુલ આવક પર તેની અસર પડી છે. ખાસ કરીને બિનપિયત ખેડૂતો માટે ઓછો ઉતારો અને ઊંચા ખેતી ખર્ચનું ગણિત મુશ્કેલ બન્યું છે.

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરીના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષે બિનપિયત વિસ્તારમાં કપાસના ઉત્પાદનમાં અંદાજે ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આવકમાં ઘટાડો પણ તેનું સીધું પ્રતિબિંબ છે.

સુરતમાં ભાજપ નેતા દારૂના જથ્થા સાથે ઝડપાયા



(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૨૪

સુરતમાં લાલગેટ પોલીસે લાલગેટ ખાંડ બજાર સ્થિત લક્ષ્મીભવનના પહેલા માળે દરોડો પાડીને દારૂના જથ્થા સાથે કાર્યવાહી કરી છે. આ દરોડા દરમિયાન ૬૨ વર્ષીય વિજય મોદી અને કરણ પાનવાલા ને દારૂના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૬૪૫ નાની-મોટી દારૂની બોટલ કબજે કરી છે. તપાસમાં વિજય મોદી વોર્ડ નંબર ૧૨ ભાજપના મહામંત્રી હોવાનું સામે આવ્યું છે.આ ઘટનામાં ભાજપ નેતા બાપ-દીકરાની જોડી સુરતમાં દારૂનો વેપલો ચલાવતી હોવાની વિગતો સામે આવી છે. પોલીસે રાજ મોદી, કે જે વિજય મોદીનો દીકરો છે, તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કર્યો છે. રાજ સામે અગાઉ પણ પ્રોહિબિશનના ગુના નોંધાયા છે અને પાસા હેઠળ કાર્યવાહી પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે.સુરતમાં ભાજપનો હોદ્દેદાર જ તેના પુત્ર સાથે દારૂની હાટડી ચલાવતા પકડાયો હોવાની ઘટનાને લઈને રાજકીય લોબીમાં ભારે ખડભડાટ મચી ગયો છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ અને વોન્ટેડ આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

વડનગરમાં આવેલી GMERS હોસ્પિટલમાં ૪ વર્ષની બાળકીને સીરપની જગ્યાએ આપી દીધું ઈન્જેક્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)
મહેસાણા,તા.૨૪

ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગરમાં આવેલી GMERS હોસ્પિટલમાં ચાર વર્ષની બાળકીની સારવાર દરમિયાન ગંભીર બેદરકારી થઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અરવિબા નામની ચાર વર્ષની બાળકીને સારવાર દરમિયાન મલ્ટિવિટામિન અને મલ્ટિવિટામિન સીરપ મોઢેથી આપવાના બદલે ઈન્જેક્શન આપી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટના બાદ બાળકીની તબિયત લથડતાં હોસ્પિટલની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, અરવિબાને આંખની પાંપણ સંબંધિત તકલીફને કારણે વડનગરની GMERS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમિયાન તેને મલ્ટિવિટામિન સીરપ આપવાનું હતું. જોકે, આરોપ છે કે સીરપ આપવાના બદલે બાળકીને ઈન્જેક્શન આપી દેવામાં આવ્યું હતું. આ ઘટના બાદ બાળકીની તબિયત લથડતાં પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. સારવારમાં થયેલી આ કથિત ભૂલને લઈને હોસ્પિટલ તંત્રની દેખરેખ અને જવાબદારી સામે સવાલો ઊભા થયા છે. આ સમગ્ર ઘટનામાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી નાઈસ ચૌધરી દ્વારા ઈન્જેક્શન આપવામાં આવ્યું હોવાની માહિતી સામે આવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છના વીજ બિલમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો અમલી

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ,તા.૨૪

ગુજરાતમાં મોંઘવારી વચ્ચે વીજ ગ્રાહકોને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા વીજ બિલમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ નિર્ણયની સીધી અસર સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત PGVCLના કાર્યક્ષેત્ર હેઠળ આવતા લાખો વીજ ગ્રાહકોના ખિસ્સા પર પડશે. મળતી માહિતી મુજબ, અંદાજે ૧.૩૬ કરોડ વીજ ગ્રાહકો પર આ વધારાની અસર થવાની શક્યતા છે.

વીજળીના દરમાં પ્રતિ યુનિટ ૧૫ પૈસાનો વધારો થતાં હવે ઘરેલુ વીજ ગ્રાહકોએ અગાઉની સરખામણીએ વધુ બિલ ચૂકવવું પડશે. ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો, નાના વેપારીઓ અને વધુ વીજ વપરાશ ધરાવતા ગ્રાહકોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. મોંઘવારીના સમયમાં દૂધ, ગેસ, શાકભાજી અને અન્ય જીવનજરૂરી વસ્તુઓના ખર્ચ વચ્ચે વીજ બિલમાં થયેલો વધારો સામાન્ય પરિવારોના માસિક બજેટને અસર કરી શકે છે.

વીજ બિલમાં યુનિટ દીઠ વધારાની સાથે અન્ય ચાર્જિસને લઈને પણ ગ્રાહકોમાં ચિંતા જોવા મળી રહી છે. અહેવાલ મુજબ, PGVCL દ્વારા પાંચ અલગ-અલગ પ્રકારના ચાર્જ પર ૩.૯૯ ટકાના દરે એરિયર્સની વસૂલાત શરૂ કરવામાં આવી છે.

CHANGE OF NAME

BEFORE MARRIAGE NAME WAS **GREEPA BHARATBHAI SOLANKI** AFTER MARRIAGE NAME CHANGE TO **PINKY NIMESH DAMANIA**

CHANGE OF NAME

OLD NAME:
MUSTAKHAN MUNNAKHAN
NEW NAME:
MUSTAK MUNNA KHAN
FATHER OLD NAME:
MUNNA KHAN GANI KHAN
FATHER NEW NAME:
MUNNA ABDULGANI KHAN
ADDRESS: ROOM NO. 6, ASIF ISMAIL BUILDING, TAIWAD, DEVKA, NANI DAMAN - 396 210.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન

દમણ નગરપાલિકા, દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

[i] નાની દમણ અને મોટી દમણ માછલી બજાર ખાતે વોટરપ્રૂફિંગ, ઈલેક્ટ્રિકલ કામો અને વિવિધ કામો સહિત સમારકામ, નવીનીકરણ અને સુધારણાના કામો.

ટેન્ડર નં. : 20/2026-27/DMC
ટેન્ડર આઈડી નં. 2026_DAMAN_5078_1
ડાઉનલોડની છેલ્લી તારીખ : 01/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 04/12/2026
બિડ ખોલવાની તારીખ : 04/12/2026

For details please scan https://ddtenders.gov.in

મુખ્ય અધિકારી, દમણ નગરપાલિકા, દમણ.

No. IP/DMN/2/5/2026-27/666, Dated: 24/11/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપીમાં એસઓજીએ રૂા.૧૩.૧૩ કરોડની સોપારી ભરેલી ૧૦ ટ્રકો ઝડપી

ચોરીની સોપારી હોવાની બાતમીના આધારે તપાસ હાથ ધરાઈઃ જીએસટીની સંભવિત કરચોરીની આશંકા વચ્ચે તમામ ટ્રકો જીએસટી વિભાગને સોંપાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૪

વલસાડ જિલ્લાના વાપીમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરીને સોપારી ભરેલા ૧૦ ટ્રકો ઝડપી પાડવામાં આવ્યા છે. આ ટ્રકોમાંથી અંદાજે રૂા.૧૩.૧૩ કરોડની કિંમતનો સોપારીનો જથ્થો મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે. પ્રાથમિક તપાસમાં સોપારી ચોરીની નહીં હોવાનું સામે આવ્યું હતું. જોકે, દસ્તાવેજોની ચકાસણી દરમિયાન જીએસટી સંબંધિત ગેરરીતિ અને કરચોરીની આશંકા ઊભી થતાં મામલો જીએસટી વિભાગને સોંપવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૬ નવેમ્બરના રોજ વાપીના ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૧૦ ટ્રકો મારફતે મોટા પ્રમાણમાં સોપારીની હેરફેર થઈ રહી હોવાની બાતમી એસઓજીને મળી હતી. સોપારીનો જથ્થો ચોરીનો હોવાની આશંકાને પગલે એસઓજીની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને શંકાસ્પદ તમામ ૧૦ ટ્રકોને અટકાવી તપાસ શરૂ કરી હતી.

ટ્રકોની તપાસ દરમિયાન તેમાંથી અંદાજે રૂા.૧૩.૧૩ કરોડની કિંમતનો સોપારીનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ એસઓજીની ટીમે ટ્રકચાલકો પાસેથી માલસામાનની હેરફેર સંબંધિત બિલ્ટી, ઈન્વોઇસ બિલ સહિતના જરૂરી દસ્તાવેજો મેળવી તેની ઝીણવટભરી ચકાસણી હાથ ધરી હતી. દસ્તાવેજોની પ્રાથમિક તપાસમાં સોપારીનો જથ્થો ચોરીનો ન હોવાનું જણાયું હતું, પરંતુ જીએસટીને લગતી કેટલીક ગેરરીતિઓ અને સંભવિત કરચોરીની આશંકા સામે આવી હતી.

આથી પોલીસે સમગ્ર મામલે સ્ટેશન ડાયરીમાં નોંધ કરી રૂા.૧૩.૧૩ કરોડની સોપારી ભરેલા તમામ ૧૦ ટ્રકોને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે જીએસટી વિભાગને સુપ્રત કર્યા છે. હવે જીએસટી વિભાગ દ્વારા સોપારીના જથ્થા, તેની ખરીદી-વેચાણના વ્યવહારો, બિલિંગ અને કરવેરા સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે. આ તપાસ બાદ જ સમગ્ર વ્યવહારની વાસ્તવિક હકીકત અને સંભવિત કરચોરી અંગે સ્પષ્ટતા થશે.

ચીખલી-વાંસદા માર્ગ પર મંદિર ખસેડવાની તજવીજનો વિરોધઃ મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં તંત્રએ કામગીરી મોકૂફ રાખી

લોકો રાત્રે કલાકો સુધી મંદિર પાસે બેસી રહ્યા


-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી (વંકાલ), તા.૨૪

ચીખલી-વાંસદા મુખ્ય માર્ગે સાતપીપળા પાસે મંદિર ખસેડવાની તજવીજથી લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ જતા પરિસ્થિતિ વણસે તે પૂર્વે તંત્ર દ્વારા કામગીરી મોકૂફ રાખવાની નોબત આવી હતી. જોકે, લોકો રાત્રે કલાકો સુધી મંદિર પાસે બેસી રહ્યા હતા.

ચીખલી-વાંસદા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ખૂંધમાં સાતપીપળા પાસે આવેલ વર્ષો જૂનું મંદિર રોડ માર્જિનમાં આવતું હોવાનું જાહેર કરી ઘણાં સમયથી આ મંદિર તોડી અન્ય સ્થળે ખસેડવા માટે તંત્ર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, પરંતુ કોઈ પરિણામ નહીં મળતા રાત્રે માર્ગે મકાન દ્વારા જેસીબી જેવા યાંત્રિક સાધનોની વ્યવસ્થા સાથે પોલીસ બંદોબસ્તની તજવીજ હાથ ધરાતા આ અંગેની જાણ થતાં લોકો મોટી સંખ્યામાં મંદિર પાસે એકત્ર થઈ ગયા હતા અને જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી શૈલેષભાઈ સહિતના આગેવાનો પણ ધસી ગયા હતા અને દેવદિવાળી પૂર્વે આગોતરી જાણ કર્યા વિના આ રીતે મંદિર તોડવાની તજવીજ માટે જવાબદાર અધિકારીઓને ઉઘડાં લેતા એક સમયે વાતાવરણ ગરમાયું હતું. જોકે, બાદમાં તંત્ર દ્વારા હાલ પૂરતું મુલતવી રાખવામાં આવતા લોકો પણ ત્યાંથી રવાના થયા હોવાનું જાણવા મળ્યું હતું.

જોકે, તંત્ર દ્વારા મંદિરની બીજી વ્યવસ્થા કર્યા વિના આ રીતે તોડવાની તજવીજથી હિન્દુઓની લાગણી દુભાઈ તેવી સ્થિતિ સર્જાતા અને ઘટના સ્થળે ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ પણ આવવાના મેસેજથી વાતાવરણ ગરમાયું હતું.

ચીખલીના ૧૩ વર્ષ જૂના મર્ડર કેસમાં મોટો ઘટસ્ફોટઃ રૂ.૧૦,૦૦૦ના ઈનામી આરોપીનું પશ્ચિમ બંગાળમાં મૃત્યુ થયાનું ખુલ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી (વંકાલ), તા.૨૪

ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મર્ડરના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી નાસતા ફરતા અને રૂા.૧૦,૦૦૦/-નું ઈનામ જાહેર થયેલા આરોપી અંગે નવસારી લોકલ કાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવેલ તપાસ દરમિયાન આ ઈનામી આરોપી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૪માં જ પશ્ચિમ બંગાળ ખાતે મૃત્યુ પામ્યો હતો.

એલસીબી પોલીસની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૨થી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તળાવો ભાડે રાખી 'કાનમીયા એકવા પ્રાઈવેટ લિમિટેડ' નામે મચ્છી ઉછેરની પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૩માં મચ્છી ઉછેર માટે પશ્ચિમ બંગાળથી આશરે વીસ જેટલા મજૂરો લાવવામાં આવ્યા હતા. તેમાંથી ચાર મજૂરો – ગોપાલ બાસુ મોડક, બિપલોપ જુગુલ મંડી, રાબીલાલ કેશદી હસદા અને દેબુ સંતોષ સંતરા–ચીખલી તાલુકાના દેગામ ગ્રામ પંચાયતના તળાવ પર મચ્છી ઉછેર માટે રાખવામાં આવ્યા હતા અને તળાવ પાસે બનાવેલા પતરાંના ડેલામાં રાત-દિવસ રહેતા હતા.

તા.૨૩/૦૭/૨૦૧૩ના રોજ બપોરના સમયે કોઈ કારણસર ગોપાલ બાસુ મોડક, બિપલોપ જુગુલ મંડી અને રાબીલાલ કેશદી હસદાનો દેબુ સંતોષ સંતરા સાથે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદથી લાકડા અને અન્ય સાધનો વડે દેબુ સંતોષ સંતરાના મોઢા તથા જમણા હાથમાં ગંભીર ઈજાઓ પહોંચાડી તેની હત્યા કરી હતી અને ફરાર થઈ ગયા હતા જેમાં પોલીસે ઈ.પી.કો.કલમ ૩૦૨ અને ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો અને આરોપીઓ વિરૂદ્ધ સીઆરપીસી કલમ ૭૦ મુજબ વોરંટ મેળવવામાં આવ્યા હતા. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓમાંથી અગાઉ જૂન ૨૦૨૬માં એલસીબી ટીમે પશ્ચિમ બંગાળ રાજ્યમાંથી બિપલોપ જુગુલ મંડી અને રાબીલાલ કેશદી હસદાને ઝડપી પાડ્યા હતા.

ત્યારબાદ બાકી રહેલા અને રૂા.૧૦,૦૦૦/-નું ઈનામ જાહેર થયેલા આરોપી ગોપાલ વાસુદેવ (રહે.મધુબન કાલી મંદિર પાસે, ભારત સેવાશ્રમ નજીક, થાના-કલના, જિ. વર્ધમાન, પશ્ચિમ બંગાળ)ને શોધવા માટે સ્ટાફના લાલુસિંહ ભરતસિંહ, કુલદીપસિંહ વિક્રમસિંહ અને અવિનાશસિંહ જગજીતસિંહ ખાનગી બાતમીદારો અને ટેકનીકલ સોર્સ દ્વારા વર્કઆઉટમાં હતા.

તપાસ દરમિયાન આરોપી ગોપાલ વાસુદેવ મોડકનું તા.૨૬/૦૨/૨૦૧૪ના રોજ પશ્ચિમ બંગાળના અશોકનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મૃત્યુ થયું છે. આ માહિતીના આધારે આગળની ઘટતી કાયદેસરની કાર્યવાહી કરવા માટે ચીખલી પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી છે.

આ સમગ્ર કામગીરીમાં પીઆઈ વી.જે.જાડેજા, પીએસઆઈ વાય.જી.ગઢવી, પીએસઆઈ એમ.બી.ગામીત સહિત અ.હે.કો. લાલુસિંહ ભરતસિંહ, અ.હે.કો. વિપુલભાઈ નાનુભાઈ, હે.કો.સંદિપભાઈ પીઠાભાઈ, પો.કો.દિવ્યરાજસિંહ કિશોરસિંહ, પો.કો. મનોજકુમાર સમાધાનભાઈ, પો.કો. અવિનાશસિંહ જગજીતસિંહ, પો.કો.કુલદીપસિંહ વિક્રમસિંહ તેમજ નવસારી એલસીબીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ સફળ કામગીરી બજાવી છે.

પારડીના રાબડી અને સામરપાડા ખાતે વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરાયું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૪

ગુજરાત કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ તથા પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ વિગેરેનાઓની દીર્ઘદ્રષ્ટિ અને વિકાસના કામોને લઈ પારડી તાલુકાના છેવાડાના દરેક ગામોમાં રસ્તા, લાઈટ, પાણી જેવી પાયાની સુવિધાઓ પહોંચતા લોકો તથા ગામોને વિકાસની એક નવી જ ગતિ મળી છે જેને લઈ ગામનો દરેક નાગરિક સ્વાવલંબી બની રોજગાર મેળવી રહ્યો છે.

પારડી તાલુકામાં આવેલ રાબડી અને સામરપાડા ખાતે પણ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે વિવિધ ડામરના રસ્તાઓના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા આ રસ્તાઓને લઈ સ્થાનિક ગ્રામજનો વધુ સરળ અને સુવિધાજનક રીતે અવરજવર કરી શકશે.

આજના આ કાર્યક્રમમાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ, નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન પટેલ, પારડી તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ પુનિતભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય નરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય રાકેશભાઈ પટેલ, સરપંચ દક્ષાબેન અને વિમલભાઈ, સંગઠનના ઉપપ્રમુખ રાજુભાઈ આહીર, મહામંત્રી હરીશભાઈ પટેલ સહિત ગામના વરિષ્ઠ નાગરિકો આગેવાનો અને ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

વાપી શહેર કોંગ્રેસ દ્વારા કોર્પોરેટર ક્રિષ્ના ભાનુશાલીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી

પક્ષની સૂચનાઓની અવગણના સહિત સંગઠનાત્મક શિસ્તભંગ અને થાર કારની નંબર પ્લેટના વિવાદ અંગે દિન ૧૪માં લેખિત ખુલાસાની માંગ કરાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૪

વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશ શાહ દ્વારા વોર્ડ નં.૧૩નાં કોંગ્રેસી કોર્પોરેટર શ્રીમતી ક્રિષ્ના ભાનુશાલીને વાપી શહેર કોંગ્રેસ સમિતિમાં સંગઠનાત્મક શિસ્ત અને આંતરિક સંકલનને લઈને વિવાદને લઈ તા.૨૨ નવેમ્બર,૨૦૨૬ના રોજ કારણદર્શક નોટિસ પાઠવી ૧૪ દિવસમાં લેખિત ખુલાસો રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

નોટિસમાં અગાઉ તા.૦૩/૦૮/૨૦૨૬ના રોજ આપવામાં આવેલી કારણદર્શક નોટિસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં પક્ષની સૂચનાઓની અવગણના તથા સંગઠનાત્મક શિસ્તને અનુરૂપ ન હોય તેવા વર્તન અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. આજદિન સુધી અગાઉની નોટિસના મુદ્દાઓનો સંતોષકારક નિરાકરણ આવ્યો ન હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, હાલમાં ક્રિષ્ના ભાનુશાલીની નવી મહિન્દ્રા થાર કારની આગળની નંબર પ્લેટના સ્થાને લાલ રંગની 'કોર્પોરેટર' લખેલી પ્લેટ લગાવવામાં આવી હોવાના અખબારી અહેવાલનો પણ નોટિસમાં ઉલ્લેખ કરાયો છે. આ બાબતે વાહન નોંધણી સંબંધિત નિયમ મુજબની રજિસ્ટ્રેશન નંબર પ્લેટ લગાવવામાં આવી હતી કે નહીં તેમજ નોંધણી નિયમ મુજબ થઈ છે કે નહીં તે અંગે સ્પષ્ટતાની માંગણી કરવામાં આવી છે.

ઉપરાંત વધુમાં નોટિસમાં સ્થાનિક કોંગ્રેસ સંગઠન અને પક્ષના જવાબદાર હોદ્દેદારો સાથે યોગ્ય સંકલન રાખ્યા વિના સ્વતંત્ર રીતે મનસ્વી પણે સંગઠનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. વોર્ડ નં.૧૩ના અન્ય ત્રણ કોર્પોરેટરો દ્વારા પણ તેમના વર્તન અને સંકલનના અભાવ અંગે પણ ફરિયાદો કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના બંધારણના શિસ્ત સંબંધિત નિયમ ૪(બ) તથા ૪(ઇ)નો ઉલ્લેખ કરીને નોટિસમાં પક્ષના સક્ષમ સત્તાધિકારીઓની સૂચનાઓનું જાણીજોઈને સભાન રીતે ઉલ્લંઘન અને પક્ષની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવા વર્તન અંગે શિસ્તભંગની કાર્યવાહી થઈ શકે તેવી જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મહેશ શાહ દ્વારા પાઠવવામાં રજૂ કરાયેલી નોટિસમાં ચાર મુખ્ય મુદ્દાઓ પર ખુલાસો માંગવામાં આવ્યો છે. જેમાં અગાઉની નોટિસ અને સંગઠનાત્મક સૂચનાઓના પાલન અંગે સ્પષ્ટતા, થાર કારની નંબર પ્લેટના વિવાદ અંગે જવાબ, સ્થાનિક સંગઠન સાથે સંકલનના અભાવ અને અન્ય ત્રણ કોર્પોરેટરોની ફરિયાદો અંગે ખુલાસો તથા સમગ્ર મામલો જિલ્લા કે પ્રદેશ કોંગ્રેસ સમિતિ સમક્ષ શિસ્તભંગની કાર્યવાહી માટે રજૂ નહીં કરવા અંગેના કારણો જણાવવા સૂચના આપવામાં આવી છે.

૧૦૮ની ટીમે ધરમપુર કાકડકુવા ગામની પ્રસૂતાની એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતી કરાવી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૪

૧૦૮ એમ્બ્યુલન્સમાં ઈમરજન્સી એમ્બ્યુલન્સના ઈએમટી રાઉત રોશની અને પાયલોટ ઉમેશ નાયકાએ સમયસૂચકતા અને કુશળતાથી એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવી માતા અને નવજાત શિશુને સમયસર સારવાર પૂરી પાડી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કપરાડા આઈએફટી એમ્બ્યુલન્સ દ્વારા એક સગર્ભા માતાને સીએચસી કપરાડાથી વધુ સારવાર માટે રાજચંદ્ર હોસ્પિટલ ધરમપુર ખાતે રિફર કરવામાં આવી રહી હતી. સગર્ભા માતા ત્રીજી વખત પ્રસૂતિ કરી રહી હોવાથી તેમજ પ્રેગ્નેન્સી પૂરા મહિનાની ન હોવાથી આ કેસ જોખમી હતો. આ પરિસ્થિતિમાં સીએચસી કપરાડા ખાતે પ્રસૂતિ કરાવવી શક્ય ન હોવાથી તેમને રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

દરમિયાન ધરમપુર કાકડકુવા ગામમાં સગર્ભા માતાને પ્રસૂતિની પીડા વધી જતાં ઈએમટી રાઉત રોશની અને પાયલોટ ઉમેશ નાયકા તાત્કાલિક પરિસ્થિતિને સંભાળી ૧૦૮ ને રસ્તાની સાઈડમાં લઈ એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી હતી.

ચીખલીના સમરોલીમાં યુવકનું અપહરણ કરનાર સુરતના ત્રણ શખ્સો સામે ફરિયાદ

નજીવી બાબતે ઝઘડા બાદ યુવકને ઉઠાવી જઈ માર મારી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ; ચીખલી પોલીસે તપાસ હાથ ધરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૪

ચીખલીના સમરોલીમાં નજીવી બાબતે યુવકનું અપહરણ કરી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપનાર સુરતના ત્રણ શખ્સો સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલીના સમરોલી વાડી ફળીયા સ્થિત રહેતા જીગ્નેશ બળવંતભાઈ સોલંકી (ઉ.વ.૩૪) રવિવારની રાત્રીના સમયે નિત્યક્રમ મુજબ જમી પરવારીને ઘરની નજીક આવેલ ચાની લારી પાછળ બેસી મોબાઈલ ફોનમાં ગેમ રહી રહ્યો હતો. દરમિયાન રાત્રિના ૯ :૦૦ વાગ્યાના સમયે દમણથી નશો કરેલી હાલતમાં આવેલ એક સ્વીફ્ટ કાર નં-જીજે-૦૫-સીવાય-૨૮૩૭માં ચાર શખ્સો પૈકી ડ્રાઈવર ચાની લારી ઉપર સિગરેટ પીવા ઉતરતા સાથે અન્ય એક શખ્સ આવી જાહેર રોડ ઉપર મૂત્ર ત્યાગ કરતા જીગ્નેશભાઈ અહીં મૂત્ર ત્યાગ ન કરો અહીં ફળિયાની મહિલાઓ રાત્રિના સમયે ચાલવા આવે છે જેથી તમે ત્યાં આગળ ખુલ્લી જગ્યામાં કરો તેમ કહેતા કોઈ બાત નહિ કહી આગળ જતો રહ્યો હતો. તે સમયે કારમાંથી અન્ય એક શખ્સ ઉતરી આવી જણાવેલ કે તુને ઉસે કયું ઈધર પેશાબ કરને નહીં દિયા વો સામને હી તો કર રહા થા તેમ કહી મગજમારી, બોલાચાલી કરતા દુકાન સંચાલકને અન્ય લોકો આવતા સદર આરોપીઓ કાર લઈને જતા રહ્યા હતા.

ત્યારબાદ થોડીવાર બાદ ફરીથી આવી ઉપરોક્ત સ્વીફ્ટ કારમાંથી ત્રણ ઈસમો આવી જીગ્નેશ સોલંકીનો કોલર પકડી નાલાયક ગાળો આપી ઢીક્કા મુક્કીનો માર મારી જબરજસ્તી કારમાં બેસાડી કાર નવસારી તરફ હંકારી લઈ ગળું દબાવી પંચથી માર મારતા કાર ડ્રાઈવરે આ ત્રણેય ઈસમોને ન મારવા જણાવી યે સબ ગલત હૈ તુમ લોગ ઈસે મત મારો મેરા ઈસ રોડ પે રોજ કા આના જાના હૈ ઈસ ભાઈ કો ગાડી સે ઉતાર દો કહેતા કારમાં સવાર શખ્સોએ ચપ્પુ બતાવી કાર હંકારવાનું જણાવી જીગ્નેશ ને જણાવેલ કે દેખ તેરા ક્યાં કરતા હું તું મુજે નહિ જાનતા તુને હમ લોગો સે પન્ગા કયું લિયા મેરા નામ વીપીન નામદેવ હે ઓર આજ તો હમ તુજે ખતમ હી કર દેગે જણાવી માર મારી ખારેલ પાસે ચિકન સેન્ટર પાસે લોહી લુહાણ હાલતમાં ઉતારી દઈ ઉપરોક્ત શખ્સો કાર લઈને નાસી છૂટ્યા હતા. જોકે ઝપાઝપીમાં જીગ્નેશભાઈની સોનાની ચેઈન પણ તૂટી ક્યાંક પડી ગયેલ હોવાનું જણાયું હતું.

બાદમાં જીગ્નેશ સોલંકીએ મિત્રને ફોન કરી લેવા બોલાવી ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તબીબી સારવાર લેવાની નોબત આવી હતી. ઉપરોક્ત મુજબની ફરિયાદ જીગ્નેશ બળવંતભાઈ સોલંકી (ઉ.વ.૩૪) (રહે. સમરોલી વાડી ફળીયા તા.ચીખલી)એ આપતા પોલીસે વીપીન નામદેવ, બિરજુ નામનો શખ્સ (બન્ને રહે.પાલી ગામ સુડા સૂર્યોદય આવાસ સચિન જી.સુરત) તથા અમિત ઉડીસા નામાના શખ્સ મળી ત્રણ જેટલા સામે અપહરણ અને મારામારીનો ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ-પી.બી પટેલીયાએ હાથ ધરી હતી.

૨૮મીએ નવસારી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૪

નવસારી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને આગામી તા.૨૮/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૩ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ, નવસારી ખાતે યોજાશે. આ બેઠકમાં સંબંધિત તમામ અધિકારીઓ અને સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ

દિપક સોલંકી - 98796 87316